મથુરાનો સિંહધ્વજ

—વિજયેન્દ્રસૂરિ

યશોવિજય ગ્રંથમાળા સિરીઝ નં. ૧૪૦

મથુરાનો સિંહધ્વજ

વિદ્યાવલ્લભ ઇતિહાસતત્ત્વમહોદધિ

આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિ

C. M. O. I. P.

યશોવિજય ગ્રંથમાળા

હેરિસરોડ-ભાવનગર.

સંવત ૧૯૯૪ ઇ. સ. ૧૯૩૭ ધર્મ સં. ૧૬

એક રૂપીયો

Published by
YASHOVIJAYA GRANTHMALA
HarrisRoad, Bhavnagar.

Printed by
Gulabchand Lallubhai Shah
At
Mahodaya P. Press-Bhavnagar.

નિવેદન.

આ પુસ્તક સમાજ સમક્ષ મૂકતાં અમને ગૌરવ ઉપજે છે. ભારતીય સંસ્કૃતિનું જેટલું પ્રકાશન વધુ થાય તેટલું આપણું અહોભાગ્ય સમજવું જોઇએ.

પ્રસ્તુત પુસ્તક **બૌદ્ધ** સંપ્રદાય સાથે સંબંધ રાખનારૂં છે. તેથી આચાર્ય મહારાજનું બૌદ્ધસાહિત્ય સંબંધી કેટલું ઉંડુ અવગાહન છે તે દેખાઇ આવે છે સાથે સાથે તેમની નિષ્પક્ષ બુદ્ધિ પણ કેટલી વિશુદ્ધ છે તે જણાઇ આવે છે. આ પુસ્તક તેમની તટસ્થવૃત્તિનું પ્રતીક છે. જૈનધર્મના આચાર્ય હોઇ કરી સાહિત્ય અને ઇતિહાસના વિષયમાં તટસ્થ, અને સાંપ્રદાયિક મતાગ્રહ વગર, સત્ય વસ્તુ જે લાગી તે તેમણે નિર્ભેળ રીતે ને કશા પણ સંકોચ વગર પોતાના સચોટ અભિપ્રાય પૂર્વક '**સિંહધ્વજ**' સંબંધી સ્વતંત્ર પુસ્તક લખી જનતા સમક્ષ રજુ કર્યું છે. વિશુદ્ધ ઐતિહાસિકવૃત્તિ વગર એ બનીજ શકે નહી.

તેમના છેલ્લાં ત્રણે પુસ્તકો "પ્રાચીન-ભારતવર્ષનું સિંહાવલોકન"," મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા," અને "મથુરાનો સિંહધ્વજ" જુદા જુદા દષ્ટિબિંદુઓ રજુ કરે છે. પહેલું પુસ્તક તેમનું અપરિમિત સાહિત્યનું અવગાહન બતાવે છે, બીજું પુસ્તક ઇતિહાસના તળસ્પર્શી જ્ઞાન સાથે નવી શોધખોળ બુદ્ધિ બતાવે છે, અને ત્રીજું આ પુસ્તક તેમની નિષ્પક્ષવૃત્તિ અને યૂરોપીયન તેમજ ભારતીય ઇતિહાસ વેત્તાઓ સાથેનો તેમનો સંબંધ અને મૈત્રી કેટલાં ઉંડા છે તે જણાવે છે. ડૉ. થોમસ (જે થોડા વખતમાં હિંદમાં આવવાના છે) પ્રો. રેપ્સન, સર જ્હોન માર્શલ, ડૉ. સ્ટીનકોનો ડૉ. શુબ્રીંગ, ડૉ. હર્ટલ, ડૉ. સ્ટાઇન વિગેરે ઇતિહાસ જગતના રત્નો બહુ લાંબા વખતથી, તેમની સાથે સંબંધ અને સન્માન ધરાવે છે. જૈન સાધુઓ માટે ને સમાજ માટે તે ઓછી ગૌરવની વાત નથી. બીજા જૈન સાધુઓ અને સમાજનું, ઇતિહાસના વિષયમાં, અમુક અપવાદ સિવાય, દષ્ટિબિંદુ હજી ખુલ્યું નથી એ ખેદનો વિષય છે. અમે ઇચ્છિએ છીએ કે સમાજના વિદ્વાનો અને સાધુઓ કાંઇક અનુકરણ કરશે અને જૈનસાહિત્યને જગતમાં પ્રકાશિત કરશે એટલું કહી વિરમીએ છીએ.

ગ્રંથમાળા ઑફીસ
હેરિસ રોડ-ભાવનગર
કાર્તિક, ૧૯૯૪

પ્રકાશક.

પ્રસ્તાવના.

ભારતના વિદ્વાનો અને પ્રાચીન આચાર્યો, ઇતિહાસ તરફ કેટલેક અંશે ઉપેક્ષિત રહ્યા છે. એ ઉપેક્ષા–બેદરકારીએ ભારતના ઇતિહાસને, સંસ્કૃતિને ભારે અન્યાય આપ્યો છે.

ઐતિહાસિક રીતે આપણે કોઇ વસ્તુને રક્ષી શકયા નથી. તેનું હૂબહુ ઉદાહરણ આ 'સિંહધ્વજ' છે. જેની એક મંદિર જેટલી મહત્તા ગણાવી જોઇએ તે શીતળાદેવીના પગથીઆમાં ગોઠવાયો. સુદર્શન તળાવની હસ્તિની લાંબાકાળ સુધી તો કોઇને ખબરજ પડી નહીં એ આપણી અજ્ઞાનતાની એક સીમા છે. આવાં ઘણુંય અવશેષો દટાયલા પડયાં હશે જેની આપણને ખબર નથી. ભારતનું કેટલુંય પ્રાચીન સૌંદર્ય અને મહત્ત્વ, જમીન અને પહાડોની બખોલમાં પડયું હશે. કેટલુંય દ્વેષ, ઇર્ષ્યા ને અજ્ઞાનતાથી નષ્ટ કરાયું છે–નષ્ટ થયું છે. પરસ્પર ધાર્મિક કટ્ટરતા અને વૈમનસ્યથી અપૂર્વ સાહિત્ય, કળાના નમૂના, મૂર્તિઓ ને મંદિરો, સ્તૂપો ને શિલાલેખો, તત્કાલીન રીતરિવાજોના અવશેષો નષ્ટ કરી નાખ્યાં, બાળી નાખ્યાં, તોડી નાખ્યાં, જળશરણ કર્યાં. ઇતિહાસનું મહત્ત્વ આપણામાં તે કાળે હતુંજ નહીં એમ કહું તો ખોટું નથી. કોઇપણ સંસ્કૃતિની વિશેષતા અને ગૌરવ એ ભારતની વિશેષતા અને ગૌરવ હતાં, એવી વિશાળ દૃષ્ટિ આપણામાં આવી નહીં અને તેનુંજ એ પરિણામ છે કે આપણી સામે આપણો ભૂતકાળ ઘણા કાળસુધી અંધકાર ભર્યો રહ્યો.

અત્યારે પણ, જ્યારે કે ઐતિહાસિક દૃષ્ટિ અમુક અંશે આપણામાં ખીલી છે તે વખતે પણ તેને માટે આપણે કશુ વિશેષ કરતા નથી. આપણે બીજા ઉપર આધાર રાખવો પડે છે. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી જેવા કે ડૉ. જયસ્વાલ જેવા બહુજ ઓછા વિદ્વાનો છે કે જેમણે નવી શોધ જગત સમક્ષ મૂકી હતી. આપણે સાહિત્યને ને ઇતિહાસને નવરાશનો વખત ગાળવાના ગંજીફાની રમત જેવા માની લીધા છે.રમત જેટલો પણ રસ તેમાં આપણે માનતા નથી. શુષ્ક, નીરસ ને નવરાઓની પ્રવૃત્તિ જેવા માની લીધા છે, એ અત્યંત ખેદનો વિષય છે. જેના પાયા ઉપર આપણા જીવનની રચના થઇ છે તે નકામો સમજી બેઠા છીએ એ આપણા શિક્ષણની ને સંસ્કારની મોટામાં મોટી ખામી છે. તેનુંજ એ પરિણામ છે કે આપણે ભૂતકાળને બહુ જુદી રીતે ને ખોટી રીતે કલ્પીએ છીએ.

આપણી પાસે સિલસિલાવાર તવારીખો નથી, તો બીજી તરફ કેટલુંય અતિશયોક્તિભર્યું વર્ણન છે અને તે બધામાંથી ઇતિહાસ તારવી કાઢવો એ ઘણું મુશ્કેલ કાર્ય છે. તેમાં પણ જ્યારે ખોટા ધાર્મિક કે સાંપ્રદાયિક મતાગ્રહો ભળે છે ત્યારે અનર્થની પરંપરા વધી જાય છે અને ઇતિહાસ અપ્રામાણિક બને છે. ખરી હકીકતો આપણે મેળવી શકતા નથી.

આ ' **સિંહધ્વજ** ' ની હકીકત " પ્રાચીન ભારતવર્ષ " પુસ્તકમાં વાંચતાં મને પહેલાં ખૂબ આશ્ચર્ય થયેલું. કારણ કે મારી એ જૂની માન્યતા હતી કે તે ' **સિંહધ્વજ** ' બૌદ્ધોનો છે; પરંતુ ડૉ. શાહ કહે છે તેમ ખરેખર એ સ્તૂપ જૈનોનો હોય અને તે ઇતિહાસથી સિદ્ધ થાય તો મારે મન એક બહુ ગૌરવની વાત હતી. જૈનધર્મનો ઉત્કર્ષ થાય અને **કંકાળીટીલા**ના અવશેષોની માફક બીજાં સ્થાનોનાં અવશેષો ને સ્તૂપો પણ જૈનોનાં હોય કે સાબીત થાય એ જૈનધર્મના આચાર્ય તરીકે મને તો બહુ પ્રસન્નતા ને પ્રેરણાદાયક બને. એટલે એ આખો વિષય હું ફરીથી બારીક દૃષ્ટિએ તપાસી ગયો, એટલુંજ નહીં પણ ઇતિહાસના જાણકાર ભારતીય અને યૂરોપના મારા કેટલાક જૂના મિત્રોને ' સિંહધ્વજ ' ની હકીકત ફરીને તપાસવાની અને તપાસીને તેમના શા અભિપ્રાયો છે તે જાણવાની કોશીશ કરી. પરિણામે તેમણે જે અભિપ્રાયો ને મંતવ્યો મને મોકલ્યાં છે તે આ પુસ્તકના ત્રીજા વિભાગમાં તેમના મારા ઉપરના કાગળોજ જેમના તેમ છપાવી દીધા છે. તેમાં ડૉ. **થોમસ**, પ્રો. **રેપ્સન**, સર **જૉહન** માર્શલ, ડૉ. **સ્ટીન** કોનો, ડૉ. **ડી. આર**, **ભં**ડારકર, ડૉ. **આર મુ**કરજી, ડૉ. **બી. સી. લૉ**. શ્રીયુત **કે, એન**, **દીક્ષિત**, ડીરેક્ટર જનરલ આર્ચ્યોલોજીકલ ડીપાર્ટમેન્ટ વિગેરે ઇતિહાસના વિષયમાં ઑથૉરિટી સત્તા ગણાય છે તે બધાનો મત છે કે " પ્રસ્તુત ' **સિંહધ્વજ** ' બૌદ્ધોનો છે. " ' સિંહધ્વજ ' નો શિલાલેખ સ્વયં બતાવે છે કે તે બૌદ્ધોનો છે. એવી અવસ્થામાં તેને માટે બીજા મંતવ્યો રજૂ કરવાં એ ભ્રમણા જાળ છે. જ્યાંસુધી ઇતિહાસ એક વસ્તુ સિદ્ધ કરી ન આપે ત્યાંસુધી આપણા અંગદ મંતવ્યોનો કશો અર્થ નથી. વસ્તુ પોતેજ શું બોલે છે–બતાવે છે તેનોજ સ્વીકાર કરવો ઘટે. તેને અનુસરીને મંતવ્યો રજુ કરવામાં આવે તોજ સાચો ઇતિહાસ મળી શકે.

આ પુસ્તકમાં આપેલો સિંહધ્વજનો ફોટો લંડનવાળા મારા મિત્ર મી. આર્થર પ્રોબ્સ્થૈને બ્રીટીશ મ્યૂઝીયમમાંથી લઇને મને મોકલાવી આપ્યો છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ પુસ્તક લખવામાં શ્રીયુત **ફત્તેહચંદ બેલાણી**–ન્યાય–વ્યાકરણ–તીર્થ–એ કેટલાક અંશે સહાયતા કરી છે.

જરૂરી પુસ્તકો પૂરાં પાડવા માટે **ફલોધી** (મારવાડ) ના સંઘને ધન્યવાદ ઘટે છે.

ફલોધી (મારવાડ)
કાર્તિક, ૧૯૯૪
ધર્મ. સં. ૧૬

વિજયેન્દ્રસૂરિ.

વિષયાનુક્રમ.

વિભાગ પહેલો.	**૧-૧૨**
૧ મથુરામાં સંસ્કૃતિ.	૩
૨ શિલાલેખની માહિતી.	૫
૩ મૂળ શિલાલેખ.	૬
૪ Text.	૮
૫ ગુજરાતી અનુવાદ.	૧૦
૬ હિન્દી અનુવાદ.	૧૧
૭ English Translation.	
વિભાગ બીજો.	**૧૩-૨૦**
૮ સમીક્ષા.	૧૪
વિભાગ ત્રીજો.	**૨૧**
૯ અભિપ્રાયો.	૨૨

પુસ્તકોનું સૂચીપત્ર.

જેનાં પ્રમાણો આ પુસ્તકમાં આપ્યા છે.

1. Antiquities of Mathura by V. A. Smith.
2. A Guide to Sanchi.
3. Buddhist India.
4. Bharhut Stūpa.
5. History of Kanauj.
6. Kharoshthi Inscriptions.

संस्कृत ग्रंथो

७ अशोकावदान.
८ विविध तीर्थकल्प.

हिन्दी पुस्तको.

९ आदर्श साधु.
१० बुद्धचर्या प्रस्तावना.
११ बौद्धकालीन भारत.
१२ भारतीय इतिहास की रूपरेखा जि० १.
१३ भारत के प्राचीन राजवंश.

મથુરાનો સિંહધ્વજ

(જે વર્તમાનમાં લંડનના બ્રિટીશ મ્યૂઝીયમના બૌદ્ધ વિભાગમાં રાખવામાં આવેલ છે.)

મથુરાનો સિંહધ્વજ

વિભાગ પહેલો.

મથુરામાં સંસ્કૃતિ.

મથુરા એ અતિપ્રાચીન નગરીઓમાંની એક અને ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ ધરાવનારી નગરી છે. એટલુંજ નહીં પણ ભારતની મહાન સંસ્કૃતિઓનું કેન્દ્ર બની ચૂકી છે.

જૈનઅનુશ્રુતિ પ્રમાણે **જૈનો**ના સાતમા તીર્થંકર શ્રી **સુપાર્શ્વનાથ**ના વખતથી તે નગરીનું પ્રાધાન્ય ગણાય છે. અને તીર્થભૂમિ તરીકે પ્રખ્યાત છે. તે પછી ત્રેવીશમા તીર્થંકર શ્રી **પાર્શ્વનાથ** થયા અને તેમના વખતમાં **મથુરા** એ જૈન સંસ્કૃતિનું ધામ બન્યું. તે પછી ભગવાન **મહાવીર** થયા તે વખતે પણ **મથુરા જૈન** સંસ્કૃતિનું કેન્દ્ર ગણાતું. ભગવાન **મહાવીર** પછી તેરસો વર્ષે શ્રી **+બપ્પભટ્ટિસૂરિ** થયા તેમણે એ તીર્થનો **કનૌજ**નો ***આમ** રાજા જે **બપ્પભટ્ટિસૂરિ**નો શિષ્ય હતો તેનાથી ઉદ્ધાર કરાવ્યો. વિ. સં. ૮૨૬ માં વીર તીર્થ તરીકે **મહાવીર**ની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. એ રીતે **મથુરા જૈન** તીર્થ તરીકે વિખ્યાત હતું.

જૈન સંસ્કૃતિના મંડાણ પછી ત્યાં **વૈદિક** સંસ્કૃતિની જમાવટ થઇ. અને તેમનું પ્રભુત્વ જામ્યું. ત્યાર બાદ **બૌદ્ધ** સંસ્કૃતિ પણ ત્યાં ખૂબ ફાલી ફળી.

છતાં ઘણા વખત પહેલા સુધી એમ મનાતું કે **મથુરા** એ **વૈદિક** સંસ્કૃતિનું સ્થાન છે, પરંતુ શોધ ખોળ થતી ગઇ અને **બૌદ્ધ** ધર્મના અવશેષો મળતાં ગયાં ત્યારે લોકોને એમ માનવાનું કારણ મળ્યું કે **બૌદ્ધ**સંસ્કૃતિ પણ ત્યાં ફેલાઇ અને પ્રભુત્વને પામી હતી.

છેલ્લી શોધખોળે એમ પણ બતાવી આપ્યું કે ત્યાં જેમ **વૈદિક ને બૌદ્ધ**સંસ્કૃતિના અવશેષો મળે છે તેમ **જૈનો**નાં અવશેષો પણ વિશેષ મળ્યાં છે. અને તેથી એમ પણ નિશ્ચિત થયું કે એક કાળે **મથુરા**માં **જૈન**સંસ્કૃતિનું કેન્દ્ર હતું અને **જૈનો**ની ખૂબ જાહોજલાલી હતી. **મથુરા**માં **જૈનો**નો ડંકો વાગતો હતો. **સ્કંદિલાચાર્ય**ના વખતમાં આગમસૂત્રોની વાચના ત્યાં થઈ જે **માથુરીવાચના** તરીકે **જૈનો**માં પ્રસિદ્ધ છે. **કંકાળીટીલા**માં જૂનાં,

---

+ तओ वीरनाहे सिद्धिं गए साहिएहिं तेरससएहिं वरिसाणं बप्पहट्टिसूरी उप्पण्णो। तेण वि एयं तित्थं उद्धारिअं। पासजिणो पूआविओ...संघेण इट्टाओ खसंतीओ मुणित्ता पत्थरेहिं वेढाविओ उक्खिल्लाविउमाढत्तो थूभो। वि० तीर्थकल्प पृ. १८.

* પ્રા. ભા. પુ. ૧, પૃ. ૧૮૭ તથા પુ. ૨, પૃ. ૪૦૦ ઉપર **આમ** રાજાને ઇંદ્રાયુધ ગણ્યો છે તે પણ ખોટું છે. તે બન્ને વ્યક્તિઓ જૂદી જૂદી છે. જૂઓ, History of Kanauj. P. 382.

અતિપ્રાચીન **જૈનો**નાં સ્થાનો, સ્મારકો, અવશેષો ત્યાં મળી આવ્યાં. જે **જૈનટીલા** Jain mound તરીકે પ્રસિદ્ધ થયો. અને ત્યારથી **ભારત**ના અને **યૂરોપ**ના ઇતિહાસકાર વિદ્વાનોની માન્યતામાં પરિવર્તન થઈ ગયું. એટલું જ નહીં **જૈનો**ની સંસ્કૃતિ માટે **મથુરા** નગરી બધી સંસ્કૃતિઓ કરતાં વિશેષ પ્રાચીન અને સંસ્કૃતિની દૃષ્ટિએ પ્રથમ *નંબરે ગણાવા લાગી. વિદ્વાનોને એમ કહેવાની ફરજ પડી કે " **મથુરા**માં શોધાયલાં અવશેષોમાં અમુક અપવાદ બાદ કરતાં **બધાં અવશેષો જૈનોનાં છે**.×

અહીં જેના વિષે ચર્ચા કરવાની છે તે **બૌદ્ધ** સંસ્કૃતિના અવશેષની છે. **બૌદ્ધોના** જમાનામાં **સર્વાસ્તિવાદ** સંપ્રદાય **મથુરા**માં હતો. મૂળે તો ત્રણ **સર્વાસ્તિવાદ** હતા પરંતુ **મથુરા**માં જે હતો તે **આર્યસર્વાસ્તિવાદ** ને નામે ઓળખાતો. તેણે **બૌદ્ધ** ગ્રંથોને સંસ્કૃતભાષામાં ફેરવી નાખ્યા હતા. '**અશોકાવદાન**' તેમાનું જ એક પુસ્તક છે.

એ **સર્વાસ્તિવાદીઓ**ના પ્રભાવ નીચે **બુદ્ધભગવાન્**ના અસ્થિઓની એક સ્તૂપમાં પ્રતિષ્ઠા થઇ હતી. **શકરાજાઓ**માંના એક મહાક્ષત્રપ **રજુલ**ની પટરાણીએ તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ **બૌદ્ધ**ધર્માનુયાયી હતા અને **મથુરા**માં રાજ્ય કરતા હતા. તેમણે જે સ્તૂપની પ્રતિષ્ઠા કરાવી અને તેના ઉપર જે શિલાલેખ મળી આવ્યો છે તેને **સિંહધ્વજ**–*Lion Capital Inscription*–શીલાલેખ કહે છે.

---

* मुझे शुद्ध हृदयसे कहना पड़ता है कि यह मथुरा जैनोंके लिए प्रथम नम्बर, बौद्धोंके लिए दूसरे नम्बर और वैष्णवों के लिए तीसरे नम्बर है। निदान यहांके कंकाली टीले से प्राचीन शिलालेख और मूर्तियां वगैरह जो कुछ वस्तुएं निकली हैं, उनमें सबसे अधिक प्राचीन वस्तुएं जैनोंकी मिली हैं, तत्पश्चात् बौद्धों की, और सबसे पिछले समय की वैष्णवों की ...."

रायबहादूर राधाकृष्णजी
क्युरेटर मथुरा म्युझीयम.

× " The objects, found by Cunningham were, with the exception of one-ten armed Brahmanical figure, *all Jain.* "

Antiquities of Mathurā by V. A. Smith.

10 inscribed statues of several Swetāmbara Jinas of the Indo-scynthian period, four inscriptions of which *are most important for the history of Jainas;* "

Dr. " Fuhrer. "

Some of the sculptures depicted in this work may belong to Buddhist or Brahmanical buildings, but *most of them are certainly Jain.*

V. A. Smith.
" Antiquities of Mathurā. "

૨

શિલાલેખની માહિતી.

મથુરાનો **સિહધ્વજ** શિલાલેખ સં. ૧૮૬૯ માં ગુજરાતના પ્રથમ ઐતિહાસિક વિદ્વાન્ શ્રીયુત **ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી**એ શોધી કાઢ્યો હતો. એ **શીતળાદેવી**ના મંદિરના પગથીઆમાં ગોઠવાયલો પડ્યો હતો. **ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી**એ ભારતીય સંસ્કૃતિના રક્ષક તરીકે સૌથી મોટું કામ આ શિલાલેખની શોધખોળનું કર્યું છે.

૧૮૮૮ માં **ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી**નું મૃત્યુ થયું ત્યારે તે આખા **સિહધ્વજ** શિલાલેખને **લંડન**ના **'બ્રીટીશ મ્યુઝીયમ'** માં લઈ જવામાં આવ્યો. અત્યારે ત્યાંના બુદ્ધિસ્ટ રૂમમાં પડેલો છે. **ડૉ. ભગવાનલાલજી**, શિલાલેખ બ્રીટીશ મ્યુઝીયમને અર્પણ કરવાનું પોતાના વીલમાં લખાવી ગયા હતા. આજે એ શિલાલેખ **ઇંગ્લેંડ**માં **લંડન**ના **મ્યુઝીયમ**માં ભારતની જાહોજલાલી અને સંસ્કૃતિને ગૌરવપૂર્વક શોભાવી રહ્યો છે.

તે શિલાલેખવાળો **સિંહધ્વજ** *Lion capital* ૧ ફૂટ ૭ ઇંચ ઉંચો છે, અને ૨ ફૂટ ૮ ઈંચ પહોળો છે.

તેની બન્ને તરફ બે સિંહો પરસ્પર પીઠ મેળવીને બેઠેલા છે. બન્નેની વચમાં આરપાર એક મોટું છિદ્ર છે, તે નીચેના છિદ્ર સાથે અંદરના ભાગમાં વચમાંથી જોડાયેલુ છે.

તે આખો શિલાલેખ **ખરોષ્ઠી**લિપિમાં લખાયલો છે. તેની લખવાની રચના બહુ વિચિત્ર અને પંક્તિઓનો સંબંધ જોડવામાં બહુ મુશ્કેલીવાળી છે. તે સિંહાકૃતિના જુદા જુદા ભાગોમાં બધી તરફ લખાયલો છે.

ખરોષ્ઠી લિપિમાં હ્રસ્વ દીર્ઘનો ભેદભાવ ન હોવાથી શિલાલેખના કેટલાક નામો લખવામાં ગોટાળો થાય છે; પરંતુ તે માટે આપણે નિરૂપાય છીએ.

તે શિલાલેખ ઉપર ઘણા વિદ્વાનોએ શોધખોળ અને વિચારણાઓ કરી છે. Dr. F. W. Thomas, Dr. A. Barth, Prof. R. D. Banerji, Dr. V. A. Smith, Dr. H. Lūders, Dr. L. Barnett, Sir, J. H. Marshall, Dr. E. J. Rapson. વિગેરે વિગેરે અને છેલ્લે છેલ્લે Dr. Sten Konow એ તેના ઉપર બારીક વિચારણાપૂર્વક, ગૂઢ મનન કરીને ભવ્ય રીતે નિર્ણય આપ્યા છે. તેના એક એક અક્ષર ઉપર ખૂબ ઉંડો વિચાર કર્યો છે.

૩

મૂળ શિલાલેખ.

A

(१) महक्ष[त्र]वस **रजुलस**(२)अग्रमहेश्(र्)इ **अयसिअ**(३) **कमुइअ** धित्(र्)अ (४) **खर्(र्)अओस्तस** युवरञ(५) मत्(र्)अ **नद्द दिअकस** [तए] (६) सध मत्र **अबुहोल** [ए](७)पित्रमही **पिश्पस्**((र्)इअ भ्र(८)त्र **हयुअरण** सध **हन** धि[त्र] (९) अ[ते]उरेण होरकप(१०)रिवरेण इश्(र्)अ प्रध्रविप्रत्(र्)ए (११) श्(र्)ए निसिमे शरिर प्रत्(र्)इठवित्(र्)ओ (१२) भक्(र्)अवत् (र्)ओ **शकमुनिस बुधस** (१३) **मुकि** [श्री] रय सश्प[अ] भुसवि[त] (१४) थुव च सघरम च चत्(र्)उ(१५)दिश् (र्)अस सघस **सर्व**(**१६**)**स्तिवत्**(**र्**) **अन** परिग्रहे ।

E

(१) **खर्**(र्)अ **ओस्तो** युवरञ(E′) **कमुइओ** (२) **खलमस** कुमर (३) **मज** कनिठ (४) समन् [उ] मोत्(र्)अ(E″) क्(र्)अ करित

B

(१) महक्षत्रवस (२) **व(र)जुलस** पुत्र (C) **कलुइ** अ(C२)वरजो (३) **शुदसे** क्षत्रवे (D) नऊलुदो

M

(१) क्षत्रवे **शुदि(द)से** (२) इमो पध्रवि (३) प्रत(र्)एश्(र्)ओ

I

(१) वेयऊदिर्न कधवगो बुसप (२) रो कध (३) वरो (४) वि य उ(J१) र्‌वरपरेण पलिच्छिन (२) निसिमो करित नियत्(र्)इत(र्)ओ (H′) धमदन (H) गुहविहरे ।

KL

(१) अयरिअस (२) बुधत्(र्)एवस (३) उत् (र्) अएन अयिमि [त]

F

(१) बुधिलस नक्(र्)अरअस (२) भिखुस **सर्वस्तिवत्(र्)अस**

G

(१) महक्षत्(र्)अवस **कुसुल्(उ)अस पतिकस मेवकि** [स] (२) **मियिकस-**
क्षत्[र्]अवस पुयए

J3

सर्वस्तिवत्(र्)अन परिग्रहे

N

(१) अयरिअस **बुधिलस नक्(र्)**अरक्(र्)अस भिखु(२)स **सर्व-**
स्तिवत्(र्)अस पग्र(३)न महसघिअन प्र(४)म ञवित्(र्)अवे खलुलस

O

(१) सर्वबुधन पुय धमस(२)पुय सघस पुय

P

(१) सर्वस **सक्(र्)अस्त**(२)**न**स पुयए

Q

(१) **खर्द**अस (२) क्षत्रवस

R

(१) **तक्षिलस** (२) क्रोनिनस

J'

खलशमु(२)शो

TEXT

A

(1) mahaksha[tra]vasa Rajulasa (2) agramahesh(r)i Ayasia (3) Kamuia dhit(r)a (4) Khar(r)aostasa yuvarana (5) mat(r)a Nada Diakasa [taye] (6) sadha matra Abuhola[e] (7) pitramahi Piśpas(r)ia bhra(8)tra Hayuarana sadha Hana dhi[tra] (9) a[te]urena horakapa(10)rivarena iś(r)a pradhravipratt(r)e(11)ś (r)e nisime śarira prat(r)iṭhavit(r)o (12) bhak(r)avat(r)o Śakamunisa Budhasa (13) Muki[śri]raya saśpa [a]bhusavi [ta] (14) thuva cha sagharama cha chat(r)u(15)diś(r)asa saghasa sarva(16) stivat(r)ana parigrahe.

E

(1) Khar(r)aosto yuvaraya (É) Kamuio (2) Khalamasa kumara (3) Maja kaniṭha (4) saman[u]mot(r)a (É) k(r)a karita

B

(1) mahakshatravasa (2) Va(ra)julasa putra (C) Kalui a(C2)varajo (3) Śuḍase kshatrave (D) Naüludo

M

(1) kshatrave Śuḍi(ḍa)se (2) imo paḍhravi(3)prat(r)eś(r)o

I

(1) Veyaüdirna kadhavaro Busapa(2)ro kadha(3)varo (4) vi ya u (J1)rvaraparena palichhina (2) nisimo karita niyat(r)it(r)o (H') dhamadana (H) guhavihare

KL

(1) ayariasa (2) Budhat(r)evasa (3) ut(r)aena ayimi[ta]

F

(1) Budhilasa nak(r)araasa (2) bhikhusa sarvastivat (r)asa

G

(1) mahakshat(r)avasa Kusul[u]asa Patikasa Mevaki [sa] (2) Miyikasa kshat(r)avasa puyae

J 3

sarvastivat(r)ana parigrahe

N

(1) ayariasa *Budhilasa* nak(r)arak(r)asa *bhikhu(2)sa* *sarvastivat(r)asa* pagra(3)na mahasaghiana pra(4)ma ñavit(r)ave khalulasa

O

(1) sarvabudhana puya dhamasa(2)puya saghasa puya

P

(1) sarvasa Sak(r)asta (2) nasa puyae

Q

(1) Khardaasa (2) kshatravasa

R

(1) Takshilasa (2) Kroninasa

J́

(1) Khalaśamu(2)śo.

ગુજરાતી અનુવાદ

મહાક્ષત્રપ **રજુલ**ની પટરાણી **અયસિય કમુઇઅ** (તે) **યુવરાજ ખરઓસ્ત**ની પુત્રી, (તે) **નદદિઅક**ની માતા (એ) પોતે પોતાની માતા **અબુહોલ**ની સાથે (તથા) પોતાની દાદી (પિતામહી) **પિશ્પસી** પોતાના ભાઇ **હયુઅર** અને તેની પુત્રી **હન** (આદિ) કૌટુંબિક પરિવાર અને (અન્ય) દાનેશ્વરી સંઘ સહિત **મુકિ** અને તેના ×ઘોડાની ધાર્મિક વિધિ કરીને ભગવાન્ **શાકયમુનિ બુદ્ધ**નાં અસ્થિઓની, સંઘારામની સીમાની બહારના સ્થાનમાં, સ્થાપના કરી. તથા **સર્વાસ્તિવાદી**ઓની ચાતુર્દિશ આજ્ઞાનો સ્વીકાર કરીને એક સ્તૂપ તથા એક સંઘારામની પણ સ્થાપના કરી.

યુવરાજ ખરઓસ્ત કુમુઇઅએ પોતાના બન્ને ભાઇ કુમાર **ખલમસ** તથા **મજ**ને (આ કાર્યમાં) સહમત કર્યા. મહાક્ષત્રપ **રજુલ**ના પુત્ર અને **કલુઈ**ના નાના ભાઈ ક્ષત્રપ **શુડસ નોલુદે ઉર્વરપર**થી ભિન્ન, તેની સીમાથી અલગ **વેયઉદિણ** અને **બુસપર** (અસ્થાયી નિવાસસ્થાન Encampment) નામનો પૃથ્વીનો ભાગ, ગૂહાવિહારના આચાર્ય **બુદ્ધદેવ** (અર્થાત્) **બુધિલ** જે **નગર**(કાબુલની પાસેના શહેર) ના રહેવાસી, બહુભાષાના જ્ઞાતા **સર્વાસ્તિવાદી** સાધુ હતા તેને ધર્મકાર્ય માટે ભેટ કર્યો.

મહાક્ષત્રપ **કુસુલક પતિક** અને ક્ષત્રપ **મેવકી મિયિક**ના સન્માન માટે, **સર્વાસ્તિવાદી**ઓના સન્માન માટે, **મહાસાંઘિકો**ના યથાર્થ શિક્ષણને માટે, સંયમ–નિયમના સન્માન માટે, **તક્ષશિલા કોનિન**ના ક્ષત્રપ **ખરદઅ**ને માટે, સર્વ **સકસ્તાન**ને માટે, **સર્વાસ્તિવાદી** મહન્ત આચાર્ય **બુધિલ–નગર** (કાબુલની પાસેના શહેર)ના નિવાસી–ને સસંકલ્પ (જલાંજલિપૂર્વક) પ્રદાન કર્યો.

× બૌદ્ધોમાં બુદ્ધની મૂર્તિની સામે અલંકાર–વિભૂષા કરેલો ઘોડો ધાર્મિક વિધિ તરીકે ભેટ કરવામાં આવતો હતો. એવું જૈનગ્રંથો ઉપરથી પણ માલૂમ પડે છે.

इत्थेव नयरीए बुद्धाययणं चिट्ठइ जत्थ समुद्दवंसीया करावल्लनरिंदकुलसंभूया रायाणो बुद्धभत्ता अज्ज वि नियदेवयस्स पुरओ महग्घमुल्लं पल्लाणियं अलंकियं विभूसियं महातुरंगमं ढोअंति ।

' विविध तीर्थकल्प ' पृ. ७०.

हिन्दी अनुवाद.

महाक्षत्रप **रजुल** की पटराणी **अयसिअ कमुइअ, युवराज खरओस्त** की पुत्री, **नदसिअक** की माता स्वयं, अपनी माता **अबुहोल** के साथ, अपनी पितामही (दादी) **पिशपसी** अपने भाई **हयुअर** और उसकी पुत्री **हन** (आदि) कौटुम्बिक परिवार और दानेश्वरी संघ के साथ **मुकि** और उसके घोडेकी धार्मिक विधि करके भगवान् **शाक्यमुनि बुद्ध** की अस्थिओं की उस स्थान–जो संघाराम की सीमासे बाहर था–में स्थापना की। तथा **सर्वास्तिवादियों** की चातुर्दिश आज्ञा की स्वीकृति के हेतु एक स्तूप तथा एक संघाराम की भी स्थापना की।

युवराज खरओस्त कमुइअ ने अपने दोनो अनुज कुमार **खलमस** और **मज** को (भी इस कार्य में) सहमत किये (और) महाक्षत्रप **रजुल** के पुत्र और **कलुइ** का अनुज क्षत्रप **शुडस नौलुद** ने **उर्वरपर** के अतिरिक्त अपनी सीमा से अलग **वेयउदिर्न** और **बुसपर** (अस्थायी निवास encampment) नामक पृथ्वी के भागको गूहाविहार के आचार्य **बुद्धदेव** (अर्थात्) **बुधिल**–(जो) **नगर** (काबूल के पास) के रहने वाले (और) बहुत भाषा जानने वाले सर्वास्तिवादी साधु (थे)–को धर्मार्थ भेंट दिया।

महाक्षत्रप **कुसुलक पतिक** और क्षत्रप **मेवकि मियिक** के सम्मान के लिए, **सर्वास्तिवादिओं** के लिए, **महासांघिकों** के सत्य शिक्षणके लिए, संयम–नियम के सम्मान के लिए, **तक्षशिला क्रोनिन** के क्षत्रप **खरदअ** के लिए, सर्व **सकस्तान** के लिए **सर्वास्तिवादी** महन्त आचार्य **बुधिल–नगर** (काबूल के पास) के निवासी–को ससंकल्प (जलाञ्जलिपूर्वक) प्रदान किया।

English Translation

The chief queen of mahākshatrapa *Rajula*, *Ayasia Kamuia*, the daughter of the *Yuvarāja Kharaosta*, the mother of *Nada Diaka*, by her, together with her mother *Abuhola*, her father's mother *Piśpasi*, her brother *Hayuara* with his daughter *Hana*, the harem and the alms-lord chapter, was established in this piece of land, which is just outside the (saṁghārāma)border, the relic of the Lord *Śākyamuni*, the *Buddha*–after having performed the solemnities over the illustrious king *Muki* and his horse,– and a stūpa and a saṁghārāma, in the acceptance of the order of the four quarters of the *Sarvāstivādins*.

The *yuvarāja Kharaosta Kamuia*, having made prince *Khalamasa* (and) *Maja*, the youngest, assenting parties, by the Mahākshatrapa *Rajula's son*,—the younger brother of *Kalui*–, the kshatrapa *Śudasa*, *Naüluda*–, by the kshatrapa *Śudasa* this piece of land, (viz.) the encampment *Veyaüdirna*, and also encampment *Busapara*, limited by *Urvarapara*, was granted, after having made it (an appurtenance just) outside the limit–as a religious gift in the cave–monastery–,having given it, with (libations of) water, to the teacher Buddhadeva : to *Budhila* from Nagara, the *Sarvāstivādin* monk,–in honour of the mahākshatrapa *Kusuluka Patika* (and) the kshatrapa *Mevaki Miyika*–,in trust of the *Sarvāstivādins* : to the teacher *Budhila* from Nagara, the *Sarvāstivādin* monk, a *khalula* (dialectician ?) to teach the foremost Mahāsāṅghikas the truth ; as honouring of all the Buddhas, honouring of the Law, honouring of the Order ; in honour of the whole Sakastana, of the *kshatrapa Khardaa, of Takshila* Kronina. *Khalaśamuśa*.

સમીક્ષા

વિભાગ બીજો.

'પ્રાચીન ભારતવર્ષ'માં પણ તેના ત્રણે ભાગમાં **મથુરા**ના '**સિંહધ્વજ**' શિલાલેખ સંબંધી લેખકે ઉલ્લેખ કર્યો છે. પરંતુ તેમાં તેમની એ શિલાલેખની માન્યતાઓમાં ઘણો ફેર છે. સંભવ છે કે તેમણે એક **જૈન** સ્તૂપનેજ આ '**સિંહધ્વજ**' માની લીધો હોય. કારણ કે **મથુરા**માં મળી આવેલા અવશેષોમાં જો બરાબર ધ્યાનપૂર્વક અન્વેષણ કરવામાં ન આવે તો બહુ ભૂલ થઇ જવાનો સંભવ છે. લેખકે કોને શું માન્યું હશે તે ખબર નથી, પરંતુ **સિંહધ્વજ** વિષયક તેમનું લખાણ ઘણું વિપરીત છે. તેમાં એક સ્થળે એમ લખવામાં આવ્યું છે કે—

"જ્યારે મથુરાનાં પ્રાચીન અવશેષો, નથી વૈદિક ધર્મનાં કે નથી બૌદ્ધધર્મનાં ત્યારે તો પછી તે સમયના ત્રણ ધર્મો અથવા સંસ્કૃતિ–વૈદિક બૌદ્ધ, અને જૈન–પૈકી બાકી રહેલ ત્રીજાનાંજ એટલે જૈન ધર્મનાંજ હોઇ શકે છે."

પ્રા. ભા. પુ. ૩. પૃ. ૨૫૫.

મથુરામાં એક વખત જેમ **જૈનો**નું પ્રાધાન્ય હતું, તેમ **બૌદ્ધો**નો કાળ પણ તેના ઉપર વીતિ ગયો છે. સાથે સાથે **કૃષ્ણ** વિગેરે **યાદવો** પણ તેના ઉપર પ્રભુત્વ ભોગવી ગયા છે. જ્યાં જે કાળે જેનું પ્રભુત્વ કે પ્રાધાન્ય હોય ત્યાં તેમનાં કાંઈ ન કાંઇ અવશેષો, ચિહ્નો, નિશાનો, સ્મૃતિઓ અવશ્ય રહે છે. કાળાંતરે તે નાશ પામે અને ખંડિયર બની રહે. એટલે જેમ **જૈનો**નાં અવશેષો મોટા પ્રમાણમાં ત્યાં મળી આવ્યાં છે તેમ **બૌદ્ધો**નાં અને **વૈદિક** ધર્મના અવશેષો પણ મળી આવ્યાં છે–મળી આવે છે.

અલબત **મથુરા**નગરીમાં મોટે ભાગે **જૈન**સંસ્કૃતિનો સૌથી પ્રાચીન અને સૌથી વધારેપ્રભાવ રહ્યો છે. તે સાથે સાથે **બૌદ્ધ** સંસ્કૃતિનાં× ચિહ્નો પણ Lion Capital વિગેરે મળી આવે છે.

× મથુરામાં બૌદ્ધ સંસ્કૃતિની પણ અસર ઠીકઠીક હતી.

सर्वास्तिवादियोंने मथुरा पहुंच कर अपने त्रिपिटक को ब्राह्मणों की प्रशंसित संस्कृत भाषामें कर दिया ।...यवन राजा अधिकांश में बौद्ध थे; इसलिए उनके उज्जैन के क्षत्रप सांची के स्थविरवादियों पर तथा **मथुरा के क्षत्रप सर्वास्तिवादियों** पर बहुत स्नेह और श्रद्धा रखते थे । मथुरा उस समय एक क्षत्रप की राजधानी ही न थी, बल्कि पूर्व और दक्षिण से तक्षशिला के वणिक–पथपर व्यापार का एक-सुसमृद्ध प्रधान केन्द्र थी; इस लिये **सर्वास्तिवाद के प्रचार में** बडी सहायक हुई । मगध के सर्वास्तिवाद से इस में कुछ अंतर हो चूका था; इस लिये यहां का सर्वास्तिवाद आर्यसर्वास्तिवाद के नामसे प्रसिद्ध हुआ ।

बुद्धचर्या प्रस्तावना पृ. ~॥।

આ **સિંહધ્વજ** વાસ્તવિક રીતે **બૌદ્ધ** sculpture છે, એમ બધા પ્રમાણિક વિદ્વાનો કહે છે. **લાયન કેપિટલનો** શિલાલેખ પોતેજ એમ બોલે છે. તે સ્થંભની સ્થાપનાજ **બુદ્ધના** અસ્થિઓ ઉપર કરવામાં આવી છે. આ ખરી હકીકત છે. છતાં 'પ્રાચીન ભારતવર્ષ' માં વિપરીત લખાણ શા ઉપરથી ને કયા આધારો ઉપરથી કે શા આશયથી લખવામાં આવ્યું હશે તે તો લેખક જાણે, પણ લેખકની એ હકીકત તદ્દન અસત્ય ને અજ્ઞાનપૂર્ણ છે એમાં તો શકજ નથી.

તેમાં તો એટલે સુધી લખવાનું સાહસ કર્યું છે કે "મથુરા સિંહસ્તૂપ જે છે તેને તો જૈનધર્મનો હોવાનું વર્તમાન સર્વ વિદ્વાનોએ કબૂલ રાખ્યું છે...જેમ મથુરાનો સિંહસ્તૂપ જૈનધર્મનું સ્મારક છે, તેમ સાંચીસ્તૂપ પણ જૈન ધર્મનું જ લાક્ષણિક સ્થાન છે. અને ભારહુત-સ્તૂપને પણ તેજ ધર્મનું જાગતું-જીવતું સ્થાન ગણવું પડે છે."

પ્રા. ભા. પુ. ૧. પૃ ૧૯૬-૧૯૭.

ડૉ. શાહ ઉપરના લખાણમાં ×**સાંચીસ્તૂપ** અને ***ભારહૂતસ્તૂપને** બૌદ્ધધર્મના સ્મારક તરીકે કબૂલ કરતા નથી જ્યારે ચારબાજૂએથી વિચાર કરતાં અને એઓની રચના તરફ

सर्वास्तिवाद एक प्रसिद्ध सम्प्रदाय था। असलमें तीन सर्वास्तिवाद थे (उनमें) (ख) **आर्य सर्वास्तिवाद** मौर्यसाम्राज्य के पतनकाल में **मथुरा** में था। उनके ग्रन्थ संस्कृत में थे। 'अशोकावदान' उन्हीं की पुस्तक है.

भारतीय इ. रूपरेखा जि. १. पृ. ३८२.

× आर्य स्थिविरवाद मगध से हटकर विदिशा के समीप चैत्यपर्वत (वर्तमान **सांची**) पर चला गया।

बौद्धचर्या ८॥।

These remains should be at once the most magnificent and the most perfect example of Buddhist architecture in India.

A Guide to Sanchi. P. 2.

The sculptures which cover from top to bottom the eastern gate of the *stūpa of Sanchi* may be divided into two great categories, the decorative elements and the Buddhist scenes.

'The Beginning of Buddhist Art' P. 84.

* **भारहुत के सुप्रसिद्ध बौद्ध स्तूप** का तोरण शुंगोंके राज्यकाल में ही बना था।

भारतीय इतिहास की रूपरेखा जि. २. पृ. ७२८.

अशोक के समय में **बौद्ध धर्म के प्रभाव से** समाज के भिन्न २ अंग धीरे २ एक हो रहे थे। इस अवस्था का चित्र **भरहुत और सांची के स्तूपों के** चारों ओर के परिवेष्टनों और तोरणों में साफ दिखाई देता है। **'बौद्धकालीन भारत' पृ० २६६.**

દૃષ્ટિપાત કરતાં તથા ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોના અભિપ્રાયો જોતાં સ્પષ્ટરીતે જણાઈ આવે છે કે તે ઉપર્યુક્ત સ્તૂપો **બૌદ્ધધર્મનાંજ** છે.

" આ સિંહસ્તૂપને જ માત્ર બૌદ્ધધર્મનો ઠરાવવા માટે શું આધાર છે ? (જોકે હવે તેને પણ જૈન ધર્મનો ઠરાવાયો છે.) "

પ્રા. ભા. ભા. ૩. પૃ. ૨૪૫.

હવે લેખકે લાયન કેપિટલ–સિંહધ્વજની તમામ હકીકત લખવામાં પ્રાચીન અર્વાચીન વિદ્વાનોનાં પુસ્તકો વાંચ્યા હોય કે પોતે કાંઈ તપાસ કરી હોય; બીજા વિદ્વાનોનાં મંતવ્યો ઉપર વિચાર કર્યો હોય કે શિલાલેખની હકીકત પણ વાંચી હોય એવું તેના અંદરના એકે અક્ષરથી દેખાતું નથી, એટલુંજ નહીં નિરંકુશ બનીને કલ્પના ઉપર કાંઈપણ કાબૂ રાખ્યાવગર અકાંડતાંડવ કર્યું છે. પ્રતિષ્ઠિત એક પણ વિદ્વાનનું નામ નિશાન કે પ્રમાણ આપ્યું નથી. ક્યા વિદ્વાનો તે સિંહધ્વજને બુદ્ધનો નથી એમ કહે છે એ તેમણે બતાવવું જોઇતું હતું.

લેખકને શિલાલેખની લિપિ કે ભાષા તો ઉકલી નથી પણ તેના ઉપર લખાયલા અંગ્રેજી–હિન્દી પુસ્તકો કે અનુવાદો ઉપર પણ ધ્યાન આપ્યું નથી. પ્રતિષ્ઠિત ને અભ્યાસી બધા વિદ્વાનો તેને બૌદ્ધસ્મારક તરીકે ઓળખાવે છે. છેલ્લામાં છેલ્લી શોધખોળ કરનાર **ડૉ. સ્ટીન કોનોએ** પણ તે બૌદ્ધ ધર્મનો હોવાનો નિર્ણય આપ્યો છે.

એક સ્થળે તો તે લેખને **બ્રાહ્મી** લિપિમાં હોવાનું પ્રા. ભા. પુસ્તકમાં જણાવ્યું છે. ખરી રીતે તે આખો શિલાલેખ **ખરોષ્ઠી લિપિ**માં લખાયેલો છે. **ખરોષ્ઠી** લિપિ છે કે ભાષા છે તે પણ પુસ્તકના લેખકને ખબર નથી. ક્યાંક **ખરોષ્ઠી** લિપિ બતાવે છે તો કોઈ સ્થળે ખરોષ્ઠીને ભાષા તરીકે વર્ણવે છે. **ડૉ. સ્ટીન કોનો** જે નિર્ણય આપે છે તે આ પ્રમાણે છે—

We have a pillar, surmounted by an architrave on which two lions couchant are placed back to back, and above them rises an enormous Dharmachakra ...The arrangement seems to have been a very common one, the lions as *Supporters of the Dharmachakra being symbols of the Buddha*, who is often called the lion of the Sākya race.

Kharoshthi Inscriptions. P. 30

તે સિવાય હિંદુસ્તાનના અને વિલાયતના વિદ્વાનોનું તે બદલ શું મન્તવ્ય છે તે આ પ્રકરણની સાથે જોડેલા તેમના આ વિષયમાં આવેલા કાગળો–પત્રો ઉપરથી જોઇ શકાય છે અને નિશ્ચિત કરી શકાય છે કે તે શિલાલેખ ક્યા ધર્મનો છે.

વળી 'પ્રાચીન ભારતવર્ષ' પુસ્તકમાં **મહાક્ષત્રપ લૂમક ને મહાક્ષત્રપ નહપાન** તથા **યુવરાજ ખરઓસ્ત** અને **મહાક્ષત્રપ રજુલ** વિગેરેની હકીકતો એટલી અજ્ઞાનપૂર્ણ ને મનઘડંત કલ્પના ભરી આલેખી છે કે તેનું વર્ણન થઈ શકે નહીં.

યુવરાજ ખરઓસ્ત, ખલમસકુમાર અને **મહાક્ષત્રપ રજુલ**ના પુત્ર **શુડસ** એ ત્રણેને એક કરી બતાવ્યા છે. પોતાના સસરાને પોતાનો પુત્ર બનાવી દેવામાં આવ્યો છે. અને જ્યાં કોઇનું નામ નિશાન નથી ત્યાં નવાં નામો ઉપજાવી કાઢ્યાં છે. ઇતિહાસની એ કેવી વિકૃતિ છે તે એક ઇતિહાસકાર સારી રીતે સમજી શકે.

'પ્રાચીન ભારતવર્ષ' નું અવતરણ આ પ્રમાણે છે. "રાજુવુલ ને **ચાર પુત્રો** અને એક પુત્રીનો પરિવાર હતો. સાધારણ નિયમ એ છે કે, પિતાની ગાદીએ હમેશા જ્યેષ્ઠ પુત્રજ આવે. અહીં **જયેષ્ઠ પુત્ર**-યુવરાજનું **નામ ખલયસકુમાર** અથવા **ખરઓસ્ટ** હોય એમ જણાય છે; જ્યારે તેની પછી ગાદીએ તો ષોડાસ આવ્યાનું જણાયું છે; એટલે બે અનુમાન કરી શકાય છે. કાંતો જેમ ખલયસકુમારનું નામ ખરઓસ્ટ છે તેમ ત્રીજું નામ ષોડાશ પણ હોય; અથવા પિતાની હૈયાતીમાં જ તે ખરઓસ્ટનું મરણ નિપજયું હોય, તો તેના પછી તુરતજ નાનો કુમાર એટલે જેનો નંબર બીજો હોય તેવો તે સોદાસ ગાદીએ આવ્યો હોય."

પ્રા. ભા. પુ. ૩. પૃ. ૨૩૦

પહેલાં તો **રાજુવુલ-રજુલને ચારપુત્રોજ હતા નહીં. તેને બે પુત્રોજ હતા.** એકનું નામ **શુડસ નૌલુદ*** અને બીજાનું નામ **કલુઇ.**

રજુલના જ્યેષ્ઠ પુત્રનું નામ **ખલયસકુમાર** પણ નથી અને **ખરઓસ્ત** પણ નથી. **ખરઓસ્ત** તો **રજુલ**ની પટરાણી **અયસિ કમુઇઅ**નો પિતા એટલે કે **રજુલનો** સસરો થાય છે. અને **ખલમસ (ખલયસ** નહીં) કુમાર એ **ખરઓસ્તના** ભાઇનું નામ છે. એટલે તેમનો કૌટુંબિક સંબંધ મેળવવા જઇએ તો એમ સંબંધ આવે કે **યુવરાજ ખરઓસ્ત કમુઇઅ** એ **રજુલ**નો **સસરો** અને **ખલમસકુમાર** એ **રજુલ**નો નાનો સસરો થાય. હવે સસરાને કે પોતાની રાણીના બાપને યા કાકાને પોતાના પુત્ર બનાવી દેવા એ કેટલુ અજુગતુ અનુચિત ને હાંસીપાત્ર લેખાય તે તો સામાન્ય બુદ્ધિના માણસથી પણ સમજી શકાય. છતાં (આ જમાનામાં જ્યારે કે તે બાબતમાં ઘણી ખરી શોધખોળ ને નિર્ણયો થઈ ગયાં છે.) લેખકને બેધડક આવું લખવામાં જરા પણ સંકોચ થયો નથી એ ઓછી શરમની વાત છે? વાસ્તવમાં ×**ખરઓસ્ત** એ રાજા **અર્તનો પુત્ર** થાય અને

---

* સંભવ છે કે **નૌલુદ** એ એનો ત્રીજો પુત્ર હોય; પરંતુ **નૌલુદ** ખરેખર શું છે તે હજી સમજી શકાયું નથી.

× 'भारत के प्राचीन राजवंश'માં सरदार म्युझीयम जोधपुर ના સુપરિન્ટેન્ડેન્ટ સાહિત્યાચાર્ય શ્રીમાન્ વિશ્વેશ્વરનાથ રેઉ, એમ. આર. એ. એસ. **રજુલની** કૌટુંબિક હકીકત આલેખતાં લખે છે કે—

महाक्षत्रप राजुल की पटराणी 'नंदसिअकसा' ने बुद्ध की अस्थियों पर एक स्तूप बनवाया था। इस राणी के पिता का नाम 'आयसिको मुसा' और माता का 'अबुला' तथा दादी का 'पिसपसि' था। उक्त राणी ('नन्दसिअकसा') 'हयुअरा' की बहन थी। इसी लेख में राजुल के बडे पुत्र का नाम 'खरओस्ट' और कन्याका नाम 'हन, लिखा है।"
पृ. १९९-२००

શુડસનો તો ભાઈ નહીં માતામહ થાય. એટલે તેને ભાઈ કે બીજુ નામ આપવા માટે તેના ઉપર એકે અનુમાન કરવાની જરૂર નથી. ખરી વાત એ છે કે આગળ પાછળનાં જૂનાં નવાં વાંચવા લાયક પુસ્તકો કાંતો વાંચ્યા નથી અને કાંતો મનમાં આવે એમ હાંકયે રાખ્યું છે.

યુવરાજ **ખરઓસ્ત કમુઇઅ**ની મૂળ લેખમાં ખરી હકીકત આ છે.

"The Kharoshṭhī Kshatrapasa pra Kharaostasa Arṭasa (or one Orṭasa) putrasa."

તેના ઉપર વિવેચન કરતાં ડૉ. સ્ટીનકોનો સ્પષ્ટ રીતે લખે છે.

The importance of the coin legends rests with the fact that they *show that Kharaostha was not the son of Rajula,* as has sometimes been assumed, but of *Art*......More over the general construction of the inscription seems to show that, *Rajula's* queen was the *daughter* and not the mother of the yuvarāja Kharāostha.

In other words, *Kharaostha* was the legal heir of *Moga.* And that was apparently the reason why Rajula had married his daughter and made her his chief queen : he wanted to strengthen his position among the Saka leaders.

Kharaoshthi Inscription P. XXX V–VI.

ઉપરની બધી વિગતો વાંચ્યા વગર ઇતિહાસ લખવાની હીંમત કરી છે એટલુંજ નહીં બીજા વિદ્વાનોને ઉડાવવાની પણ હિંમત—ધૃષ્ટતા કરી એ ભારે શોચનીય છે.

આગળ જતાં એજ પુસ્તકમાં મહાક્ષત્રપ ભૂમક અને મહાક્ષત્રપ **નહપાન** સંબંધી ગોળા ગબડાવતાં લખ્યું છે કે—

"વળી lion capital છે (સિંહસ્તંભ) એટલે શ્રી મહાવીરનો ભક્ત છે. તેમજ, પેલા પ્રખ્યાત મથુરાના સ્તંભોવાળા ક્ષત્રપ રાજુવુલ અને ભૂમક એકજ જાતિના હોવાનું પૂરવાર

ઉપરના અવતરણનો મોટો ભાગ અસત્ય છે. મહાક્ષત્રપ રજુલની પટરાણીનું નામ '**નંદસિ-અકસા,** નહીં પણ '**અયસિ કમુઈઅ**' છે. વળી તે રાણીના પિતાનું નામ '**આયસિકો મુસા**' નહીં પણ '**યુવરાજ ખરઓસ્ત કમુઈઅ**' છે. '**ખરઓસ્ત**' રજુલના **મોટા પુત્રનું નામ** નહીં પણ રજુલના **સસરાનું નામ** છે. અને '**હન**' એ **રજુલની** પુત્રી નથી પણ **ખરઓસ્તની પૌત્રી અને હયુઅરની પુત્રી છે.** લેખક:

કરે છે...વળી ભૂમકને અથવા તેની ગેરહાજરીમાં તેના પ્રતિનિધિ નહપાણને પ્રમુખ નિમ્યો હતો....વળી બ્રાહ્મી લિપિના અક્ષરો છે તે હિંદ અને ભારતનું સંધાણ બતાવે છે."

પ્રા. ભા. ભા ૨. પૃ. ૯૯.

"વળી મથુરાના **લાયન કેપીટલ પીલર** નામે ઓળખાતા સ્તંભની પ્રતિષ્ઠા **ક્ષત્રપ રાજુવુલના સમયે** તેની પટરાણીએ કરાવી છે. તે **પ્રસંગ ઉપર મહાક્ષત્રપ ભૂમકને તેણે આમંત્રણ આપ્યું છે** પણ તે પોતે ઉપસ્થિત થઇ નહીં શકવાથી તેના પ્રતિનિધિ તરીકે તેણે **ક્ષત્રપ નહપાણ** ને ત્યાં મોકલ્યો છે...**તેને અધ્યક્ષ સ્થાન અપાયું છે.** આ સર્વ હકીકતથી એમ સાબીત થાય છે કે મથુરાના ક્ષત્રપો, ભૂમક તથા નહપાણ તે સર્વે એકજ ધર્માનુયાયી હોવા જોઇએ." પ્રા. ભા. પુ. ૨. પૃ. ૭૭.

"આ પ્રસંગના મેળાવડાના **સભાપતિ તરીકે તે ભૂમકનીજ ચૂંટણી કરવામાં** આવી હતી; પણ આ સમયે...ભૂમકની ઉમર લગભગ ૯૫ વર્ષની થઇ ગઇ હોવાથી તેણે પોતે હાજરી ન આપતાં, પોતાના યુવરાજ ક્ષત્રપ નહપાણને પોતાના પ્રતનિધિ તરીકે પાઠવ્યો હતો ...મતલબ કે, **ત્રણે પ્રદેશના ક્ષહરાટ મહાક્ષત્રપો** અને તેમના યુવરાજ ક્ષત્રપો ત્યાં હાજર થઇ ગયા હતા. (અલબત, ભૂમક પોતાના સ્થૂળદેહે નહોતોજ)"

પ્રા. ભા. પુ. ૩. પૃ. ૨૩૩–૩૪

ઉપરના અવતરણોની કેટલીક હકીકતો ઉપર બહુ લાંબુ વિવેચન કરવાની જરૂર હોવા છતાં તે લંબાણ ન કરતાં કેવળ **ભૂમક કે નહપાણ**ની તે પ્રસંગે ઉપસ્થિતિ સંબંધીજ ઉલ્લેખ કરીશ.

ઉપલા અવતરણમાં સિંહધ્વજ એટલે શ્રી મહાવીરનો ભક્ત છે એમ લખીને લેખક શું કહેવા માગે છે ? શું થાંભલો મહાવીરનો ભક્ત છે કે તે શિલાલેખ મહાવીરનો ભક્ત છે ? તેથી લેખકનો કહેવાનો આશય શો હશે તે તેઓ જાણે.

વળી મહાક્ષત્રપ **ભૂમકને** તે પ્રસંગે **આમંત્રણ આપ્યું**, પ્રસંગનો **અધ્યક્ષ નીમ્યો, ક્ષત્રપ નહપાણને ત્યાં પ્રતિનિધિ તરીકે પાઠવ્યો** એ બધી હકીકત કયા કેવળજ્ઞાનદ્વારા લેખકે જાણી લીધી ? લેખમાં તો એ એકે વાત લખી નથી. વાસ્તવમાં **સિંહધ્વજ**ની પ્રતિષ્ઠા વખતે **નહપાન**ની હસ્તીજ હતી નહીં. તે તો સો વર્ષ પછી થયો છે અને કોઈ વિદ્વાન તેનો ઉલ્લેખ કરતો નથી, શિલાલેખમાં **ભૂમકનું** નામ નથી, તેને આમંત્રણ આપ્યાનો ઉલ્લેખ નથી. **નહપાણનું** નામ નથી. પછી પ્રા. ભા. ના લેખકના એકલાની આંખમાં એ બધા નામો ને હકીકતોનું વર્ણન કયાંથી ઉડી આવ્યું ? વળી લિપિ તો ઉકલી નથી. કઇ લિપિ છે એ ખબર નથી. એ શિલાલેખની **બ્રાહ્મી** લિપિ નથી **ખરોષ્ઠી** લિપિ છે, **બ્રાહ્મી** લિપિને **ખરોષ્ઠી** લિપિનો ભેદ તો પરખાયો નથી ને તેના ઉપર નિર્ણય આપવા જવું એ અનધિકાર ચેષ્ટા છે. ખરીરીતે તો તેમણે ઇતિહાસ લખ્યો છે એજ અનધિકાર ચેષ્ટા કરી છે. એક તરફ લખે છે, **ભૂમક** ત્યાં આવી ન શકવાથી તેના પ્રતિનિધિ **નહપાણ**ને મોકલ્યો. બીજી વખત લખે છે— ત્રણે પ્રદેશના ક્ષત્રપો મહાક્ષત્રપો ત્યાં હાજર થઇ ગયા હતા અને બચાવ કરે છે કે **ભૂમક**

સ્થૂળ દેહે ત્યાં નહોતો; **ભૂમક** સ્થૂળ દેહે ત્યાં નહોતો તો કયા દેહે ત્યાં હતો એ પણ બતાવવું તો હતું.

આવી અગમ નિગમની વાતો કરી, ખોટા તૂત ઉભા કરવા અને ઇતિહાસનું નામ આપવું એ બીજે ચાલી શકે ખરૂં કે? જે માણસનું તે વખતે અસ્તિત્વજ નહોતું તેને પ્રતિનિધિ તરીકે **મોકલ્યો** એમ કહેવું એ કયો ઇતિહાસ?

લેખક એક સ્થળે લખે છે કે "મથુરા **લાયન કેપીટલ પીલર** જૈનધર્મી હોવાનું વિદ્વાનોએ સ્વીકાર્યું છે. અને તેમાં **સ્વસ્તિકનું ચિહ્‌ન હોવાથી**...આ સર્વે ક્ષત્રપો અને મહાક્ષત્રપો પરદેશી હોવા છતાં તેમણે જૈનધર્મજ અપનાવેલ હોવો જોઇએ."

પ્રા. ભા. પુ. ૨, પૃ. ૭૯

એક સ્વસ્તિકના નિશાન માત્રથી સૌને એક ધર્મના ગણી લેવા કે માની લેવા એ વાહીયાત કલ્પના નથી? સ્વસ્તિકના ચિહ્‌નથીજ બધાને જૈન માનવા હોય તો આખા **જર્મની** દેશને જૈન હોવાનું કેમ ન લખ્યું? **જર્મનીનું** રાષ્ટ્ર ચિહ્‌ન સ્વસ્તિક છે, અને **ભારતમાં** બીજા ઘણા સ્વસ્તિક ચિહ્‌ન રાખે છે તો શું જે જે સ્વસ્તિક રાખે તે બધા જૈન સમજી લેવા કે? *અને જો એવી કલ્પના કરીને ઇતિહાસ લખાતો હોય તો એના જેવું થાય કે જો બહુ નખ* લાંબા કરે તો મૂળ નખને પણ ઉખાડી નાખે. વસ્તુ ખોટી રીતે વધારવા જાય તો મૂળ પણ ઉખડી જાય. લેખકને પોતાના ઘેનમાં આટલી સાદી સીધી વાત પણ નથી સમજાતી કે?

આ પ્રકરણની સાથે સિંહધ્વજનો મૂળ શિલાલેખ તથા તેના હિન્દી, ગુજરાતી, અંગ્રેજી અનુવાદો પણ આપ્યા છે, આવા ઉઘાડા સત્યને ઢાંકવાની–સૂરજને છાબડે ઢાંકવાની–લેખકની વૃત્તિ કેટલી બાલિશતાભરી ને હાસ્યજનક છે?

વળી લેખકની કલ્પના છે કે તે સિંહધ્વજ **અગ્નિમિત્રે** તોડી નાખ્યો વિગેરે વિગેરે તેમાં પણ કોઇ સત્યાંશ નથી લાગતો. **પુષ્યમિત્ર—કલ્કિ** ને **અગ્નિમિત્રનો** ભેદ જ કદાચ તેમનાથી ઉકલ્યો નહીં હોય. કારણ કે ઘણીય **પુષ્યમિત્રની** હકીકતો તેમના પુસ્તકમાં **અગ્નિમિત્ર** ઉપર ચડાવી દેવામાં આવી છે.

તે ઉપરાંત બીજી પણ **મથુરા** સંબંધી કેટલીય હકીકતો અસત્ય આલેખી છે. પ્રાચીન ભારતવર્ષનાં ત્રીજા ભાગમાં ૨૩૨ પૃષ્ટ ઉપર '**આમોહી**' નામની એક પરા તરીકે ગણના કરી છે. વાસ્તવમાં તે શબ્દ **અમોહિની** છે અને તે એક સ્ત્રીનું નામ હતું. વળી તેનાજ ૨૪૪ અને ૨૫૮ પૃષ્ટ ઉપર Buddhist India ના ૩૬–૩૭ પૃષ્ટનું એક અવતરણ લીધું છે તેમાં ભાષાનો ને શબ્દોનો અર્થજ ફેરવી નાખ્યો છે. પરંતુ એ બધું અહીં આલેખવામાં ઘણું લંબાણ થઇ જાય તેમ છે એટલે એ બધી બાબતને અહીંજ ટુંકાવું છું.

અભિપ્રાયો.

વિભાગ ત્રીજો.

(૧)

ડૉ. એફ. ડબલ્યુ. થૉમસ.

161, Woodstock Road,
Oxford,
September 7, 1937.

My dear friend,

It gives me great pleasure to be writing to you again. I have always been pained to think of my apparent neglect as exhibited by my failure to write, and I have hoped that in due time the intensity of my preoccupations would be diminished and then I could become a better correspondent. Now that I have terminated my oxford professorship this hope may be realized at least when I shall have given the final touches to one or two literary works and also have prepared for the pleasant and highly responsible duty of presidentship of the coming conference in Trivandrum. I am impressed with the importance of the conference, and I highly appreciate the honour of presiding. But what I value no less is the opportunity of meeting old friends in India and conferring with them concerning common studies and united action.

I must now say just one word in answer to your inquiries concerning the Mathura Inscription and the Edicts of Asoka. *I fully confirm your view* that in the Mathura Lion Capital Inscription there is no trace of Nahapāna and of Jainas. The inscription definitely

refers to Buddha Śākyamuni and even mentions the Sarvāstivāda and Mahāsaṃghika sects of Buddhism. Is it possible that *the author whom you have in mind is thinking of the* numerous other Mathura inscriptions which are *Jain* published by Dr. Bühler in Epigraphia Indica, Vol. I. *But even in these there is no mention of Nahapāna.*

As to the relation between *Nahapāna* and *Bhūmaka* Professor Rapson declares in his catalogue of indian Coins : Andhras etc. (p. cviii) that *Bhūmaka* preceeded *Nahapāna* but that the relation between them, is unknown. Many scholars hold that *Bhúmaka* was identical with *Ysamotika*, the father of *Chastana*, (see Professor Konow, Kharaoshthi Inscriptions, p. LXX *Nahapâna* would thus have been centemporary with *Chashtana*.........

I am interested to know that you are studying Aśoka. There is no important new publication concerning him. The last work of fundamental importance is Prof. Hultzsch's edition.........even that was not very rich in new matters. I have not seen Dr. *Tribhuvandas'* Gujarati book : but I cannot accept his theory.

I have written to a friend in *Upsala* concerning the *Uttarādhyayana manuscript* and I will report to you the result.

I shall inform you when the plan of my Indian visit is mature. In the mean while I look forward with pleasure to our meeting.

With very kind regards,
Yours sincerely,
F. W. Thomas.

ડૉ. એફ. ડબલ્યુ થૅામસ.

૧૬૧, વુડસ્ટોક રોડ,
ઑાકસફર્ડ,
સપ્ટેમ્બર ૭, ૧૯૩૭.

મ્હારા વ્હાલા મિત્ર,

તમારી ઉપર ફરીવાર પત્ર લખતાં મને ઘણો આનંદ ઉપજે છે. આપને પત્ર નહિ લખવાથી લાગતી મ્હારી બેદરકારીથી મને ઘણું દુ:ખ થાય છે. અને હું આશા રાખું છું

કે વખત જતાં મ્હારા વ્યવસાયની પુષ્કળતા ઓછી થશે, અને પછી હું વધારે સારો પત્ર-લેખક થઇ શકીશ. હવે મેં ઑક્સફર્ડના પ્રોફેસરનું કાર્ય પૂરૂં કર્યું છે, અને એક બે સાહિત્યના ગ્રંથોમાં છેવટના સુધારા વધારા હું કરી રહીશ, તેમજ ત્રિવેન્દ્રમમાં ભરાનારી આગામી પરિષદ્ના પ્રમુખપદની ઘણી જવાબદારીવાળી ફરજ માટે તૈયારી કરી રહીશ. આ પરિષદ્ની આવશ્યક્તા ઘણી છે એમ મને લાગે છે, અને મને પ્રમુખ બનાવવાનાં માન માટે હું યોગ્ય કદર કરૂં છું. વળી હિન્દુસ્તાનમાં રહેતા ઘણા મિત્રોને મળવાનો અને તેમની સાથે સાર્વજનિક અભ્યાસ અને સંયુક્ત કાર્ય માટે જે ધારણા છે તેની તુલના કરવાનો સુઅવસર મળ્યો છે તે ઓછાં મૂલ્યની વાત નથી !

મથુરાના શિલાલેખ તથા અશોકના શાસનો સંબંધી આપના પ્રશ્નોનો હું ટુંક જવાબ આપવાની ઈચ્છા રાખું છું. મથુરાના સિંહશિલાલેખમાં નહપાન વિષે કે જૈનો વિષે કશો ઉલ્લેખ નથી એવા આપના મત સાથે હું મળતો થાઉં છું. તે શિલાલેખ ચોકસ બુદ્ધ શાકયમુનિ અને બૌદ્ધ ધર્મના મહાસાંઘિક પંથોને ઉલ્લેખે છે. કદાચ એમ હોઈ શકે કે જે લેખક વિષે આપ ધારો છો તે લેખક મથુરાના બીજા કેટલાક જૈન શિલાલેખો વિષે વિચાર કરતો હોવો જોઈએ. જે ડૉ. બુહ્‌લરે પોતાના એપીગ્રાફીઆ ઇન્ડીકાના વૉ. ૧ માં લખ્યું છે, પણ આ શિલાલેખોમાં પણ નહપાનનો નિર્દેશ કયાંઇ કરવામાં આવ્યો નથી.

નહપાન અને ભૂમકના સંબંધ વિષે પ્રો. રેપ્સન પોતાના "કેટલૉક ઑફ ઇન્ડીઅન કવાઇન્સ" આન્ધ્રના પૃ. ૧૦૮ માં ઘોષિત કરે છે કે ભૂમક નહપાનની પહેલાં થયો હતો, પણ તેમની વચ્ચે શો સંબંધ હતો તે જણાયું નથી.

ઘણા વિદ્વાનો માને છે કે ભૂમક અને ચષ્ટનનો પિતા ચ્સામોતિક એકજ હતા. (પ્રો. સ્ટીન કોનોના ખરોષ્ઠી ઇન્સ્ક્રીપ્શન પૃ. ૭૦) આ રીતે નહપાન ચષ્ટનનો સમકાલી નહોવો જોઇએ.

આપ અશોકનો અભ્યાસ કરો છો તે જાણીને મને ઘણો આનંદ થાય છે. તેના વિષે કાંઇ અગત્યનું નવીન પ્રકાશન નથી. મૌલિક અગત્યતાનું છેલ્લું પુસ્તક પ્રો. હુલ્ટ્ઝ્શની આવૃત્તિ છે. તેમાં પણ નવી બાબતો બહુ નથી. મેં ડૉ. ત્રિભુવનદાસે બનાવેલું ગુજરાતી પુસ્તક જોયું નથી; પણ હું તેમના મતનો સ્વીકાર કરી શકતો નથી.

ઉત્તરાધ્યયનની હસ્તલિખિત પ્રતિ માટે મેં મ્હારા એક મિત્રને ઉપ્સાલામાં લખ્યું છે; તેનું પરિણામ આવશે તે હું આપને જણાવીશ.

મ્હારી હિન્દની મુલાકાતની યોજના જ્યારે નક્કી થશે ત્યારે હું આપને જણાવીશ. તે દરમિયાન આપને મળવાની આશા રાખું છું.

ઘણા માન સાથે આપનો પરમ મિત્ર

એફ. ડબલ્યુ. થૉમસ.

ડૉ. સ્ટીન કોનો.

Kirkeveien
114 C. Oslo,
Aug. 10, 1937

My dear Vijaya Indra Suriji,

Many thanks for your letter of the 15th ult. You have evidently not received the letter I wrote about a month ago about mentioning of Jain saints in Brahmi and Kharaoshthi Inscription. I shall therefore repeat that there is absolutely no trace in Kharaoshthi records, and it is absolutely certain that Nahapāna's name does not occur in the Mathurā Lion Capital inscriptions. That would in itself hardly have been impossible because the Lion Capital is older than *Nahapāna.*

There is further not the slightest support for the assumption that Bhumaka was the father of Nahapāna. The records about Bhumaka are his coins, which are no doubt older than those of Nahapāna, but the latter's coins and inscriptions no where mention his father, and it is absolutely unwarranted to assume that he was the son of Bhumaka.

You will have noticed that the form *Bhumaka* is rather barbaric, and it has been assumed, I believe rightly, that it is a clumsy translation of a foreign name. Now we know that the western Kshatrapas were Sakas i. e. Iranians and we know that the Saka word for *Bhumi* was ysama. I therefore think that I was right in assuming that *Bhumaka* is a barbaric rendering of the name ysamotika and ysamotika (not ghsamotika, which is a wrong reading) was the father of *Chashtana* who succeeded to the position of Kshatrapa and Mahākshatrapa after the defeat of *Nahapāna* by the *Andhras* when the Sakas were able to recover something of their lost power.................

With kindest regards,
Yours Sincerely,
STEN KONOW.

ડૉ. સ્ટીનકોનો.

૧૦ મી ઓગસ્ટ, ૧૯૩૭

મ્હારા વ્હાલા મિત્ર વિજયેન્દ્રસૂરિજી.

આપના ગઇ તા. ૧૫ મીના પત્ર માટે ઘણો ઉપકાર. મેં આપને લગભગ એક માસ ઉપર પત્ર લખ્યો હતો તે આપને મળ્યો લાગતો નથી. જે પત્રમાં બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિના શિલાલેખોમાં જૈન મહાત્માઓ વિષે મેં લખ્યું હતું. આ કારણથી હું આપને ફરીવાર જણાવું છું કે ખરોષ્ઠી લિપિના લેખોમાં તે સંબંધી કાંઇ ઉલ્લેખ નથી, તેમજ મથુરાના સિંહશિલાલેખમાં નહપાનનું નામ નથી એ તદ્દન ચોક્કસ છે. આ બાબત અસંભવિત નથી, કારણ કે તે સિંહશિલાલેખ નહપાન કરતાં પ્રાચીનતર છે. તે ઉપરાંત ભૂમક નહપાનનો પિતા હતો એવું માની લેવાને કાંઇપણ આધાર નથી. ભૂમક સંબંધીના લેખો તેના સિક્કાઓમાંથી મળી આવે છે; આ સિક્કાઓ બેશક નહપાનના સિક્કાઓ કરતા વધારે પ્રાચીન છે. પણ નહપાનના સિક્કાઓ તથા શિલાલેખોમાં તેના પિતાનું નામ મળી આવતું નથી. અને નહપાન ભૂમકનો પુત્ર હતો એમ માની લેવાને કાંઇ આધાર નથી.

આપને જરૂર લાગ્યું હશે કે 'ભૂમક' નામનું રૂપ યવનીય છે, અને એમ માનવામાં આવે છે–અને આ માન્યતા ખરી છે એમ મારો મત છે–કે "ભૂમક" એ નામ કોઇ વિદેશી નામનું કિલષ્ટ ભાષાંતર છે. હવે આપણે જાણીએ છીએ કે પશ્ચિમના ક્ષત્રપો શક-જાતિના એટલે કે ઇરાનીયન હતા, અને આપણને વિદિત છે કે શક ભાષામાં "ભૂમિ" ને માટે "યસ્મ" કહે છે. તેથી હું ધારૂં છું કે "ભૂમક" નામ એ "ય્સામોતિક" નામનું કિલષ્ટ ભાષાંતર છે. આ ય્સામોતિક ચષ્ટનનો પિતા હતો. આન્ધ્રોની સાથે નહપાનની હાર થઇ ત્યારપછી જ્યારે શકોએ પોતાની ગુમાવેલી સત્તા થોડી ઘણી પાછી મેળવી ત્યારે ચષ્ટન ક્ષત્રપ અને મહાક્ષત્રપ થયો હતો.

ઘણા માન સાથે આપનો પરમમિત્ર

સ્ટીન કોનો.

(૩)

સર જ્હોન માર્શલ.

"Avondale,"
Sydney Road Guildford,
Surrey, England.
2nd September, 1937.

Dear Sir,

I received your letter through Mr. Probsthain and will answer your queries seriatum:—

(1) The pillars at Bharhut bearing the names of Ajatasatru and Prasenajit were not erected until nearly four hundred years after the death of those Kings.

(2) The inscription on the Lion Capital from Mathura is not referrable to the Jains. It refers explicitly to the veneration of the Buddhas, the Dharma and the Sangha, and it also refers to the Sarvastivadins. There is no question therefore, as to its being Buddhist.

(3) There is no mention of Nahapana in this inscription.

(4) ....

Yours truly,
John Marshall.

સર જ્હોન માર્શલ.

એવોનડેલ.
સીડની રોડ, ગીલ્ડફોર્ડ,
સરે, ઇંગ્લાંડ,
૨ જી સપ્ટેમ્બર ૧૯૩૭.

વ્હાલા સાહેબ.

આપનો પત્ર મી. પ્રોબ્સ્થેન મારફત મળ્યો, અને આપના પ્રશ્નોનો હું ક્રમવાર જવાબ આપીશ.

(૧) *ભારહૂતના સ્તંભો જેની ઉપર અજાતશત્રુ અને પ્રસેનજીતનાં નામો છે તે આ રાજાઓના મૃત્યુ પછી ચારસો વર્ષ સુધીમાં સ્થાપન કરવામાં આવ્યા ન હતા.

---

* હવે ડૉ. શાહ પોતાના પ્રાચીન ભારતવર્ષ ભા. ૧, પૃ. ૩૭૪-૭૫ માં તથા પ્રાચીન ભારતવર્ષ ભા. ૨ જાના પૃ. ૩૮ માં ભારહૂત સ્તૂપમાં અજાતશત્રુ અને પ્રસેનજિત્ એ બન્ને રાજાઓએ થાંભલા સ્થાપન કર્યા છે એમ લખે છે તો તે વગર આધારે કયાંસુધી માની શકાય.

જ્યારે ડૉ. શાહની ઉપર્યુક્ત બાબત વાંચી ત્યારે મને પણ શંકા થઇ હતી, પરંતુ તેઓએજ પ્રમાણ માટે આપેલું ડૉ. કનિંગહામ કૃત 'ભારહૂત સ્તૂપ' નામનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું નહોતું કારણ કે તે મળી શકતું નહોતું, મહામહેનતે તે પુસ્તક મને સાક્ષર બાબૂ પૂરણચંદ નહારની કલકત્તાની લાયબ્રેરીમાંથી મળ્યું, ત્યાંથી મંગાવીને મેં અક્ષરે અક્ષર વાંચી જોયું, પરંતુ એમાં કોઇપણ

(૨) મથુરાનો સિંહશિલાલેખ જૈનોને ઉદ્દેશીને લખાયેલ નથી. તેમાં સ્પષ્ટરીતે બુદ્ધની પૂજા, ધર્મ અને સંઘ સંબંધી ઉલ્લેખ છે; તે ઉપરાંત તેમાં સર્વાસ્તિવાદિઓનો પણ ઉલ્લેખ છે. તેથી તે બૌદ્ધશિલાલેખ છે એમાં શક નથી.

(૩) તે શિલાલેખમાં નહપાન વિષે કાંઇપણ ઉલ્લેખ નથી.

આપનો ખરો મિત્ર,
જ્હોન માર્શલ.

(૪)

ડૉ. એલ. ડી. બેરનેટ.

London.
11 August, 1937.

Dear Sir,

I beg to acknowledge the receipt of your letter of the 15th ult.

It is, I think, certain that the Mathura Lion-Capital inscription makes no mention of Nahapāna or of Jain affairs. You are doubtless acquainted with the edition of the inscription by Professor Thomas in Epigraphia Indica, which is final, and *your observation is quite correct.*

Believe me to remain,
Yours very faithfully,
L. D. BARNETT.

જગ્યાએ એવું જોવામાં કે વાંચવામાં ન આવ્યું કે ઉપર્યુક્ત સ્તૂપના થાંભલાઓ રાજા પ્રસેનજીતે તથા અજાતશત્રુએ બનાવ્યા હોય.

ડૉ. કનિંગહામે તો માત્ર ઓળખાણને માટે પ્રસેનજીત્ પિલ્લર અને અજાતશત્રુ પિલ્લર એવો નામોલ્લેખ માત્ર કરેલ છે, કારણ કે તે થાંભલા ઉપર જે દશ્યો કોતરવામાં આવ્યા છે તેમાં અજાતશત્રુ સંબંધી અને પ્રસેનજીત્ સંબંધી હકીકત છે. શ્રીયુત વેણીમાધવ વડૂયા અને સિંહ સંપાદિત ' ભારહૂત ઇન્સ્ક્રીપ્શનસ્ ' માં આશરે ૨૨૫ શિલાલેખો છે તે બધા બૌદ્ધધર્મનેજ લગતા છે તે બધી બાબતોનો વિચાર કરતાં મને એમ લાગે છે કે ભારહૂત સ્તૂપ બૌદ્ધોનુંજ છે.

સ્વયં સમજી શકાય તેવી વાત છે કે ભારહૂત સ્તૂપ આખુંયે જ્યારે બૌદ્ધોનુંજ છે તો પછી રાજા પ્રસેનજિત્ પિલ્લર અને રાજા અજાતશત્રુ પિલ્લર જૈનોનું કેમ હોઇ શકે ?.

વળી આજ દિવસ સુધી કોઇપણ સાક્ષરે એકય શબ્દ ઉચ્ચાર્યો નથી કે ભારહૂત સ્તૂપ બૌદ્ધોનો નથી, તો એથી વાંચનારાઓએ વિચાર કરવાની જરૂરત છે કે ડૉ. શાહે વગર આધારે આવી અસંભવ કલ્પનાઓ કેમ કરી હશે ?

આટલું સ્પષ્ટીકરણ કર્યા પછી મારે સ્પષ્ટ રીતે કહેવું જોઇએ કે ડૉ. જ્હોન માર્શલે પોતાના અભિપ્રાયમાં જણાવેલ બાબત અક્ષરશઃ સત્ય છે અને તેને હું સંપૂર્ણરીતે મળતો થાઉં છું.

ડૉ. એલ. ડી. બારનેટ.

લંડન.
૧૧ મી ઓગસ્ટ. ૧૯૩૭

વ્હાલા સાહેબ.

આપનો ગયા માસની તા. ૫ મીનો પત્ર સ્વીકારવાની હું રજા લઉં છું.

હું ધારૂં છું કે મથુરાના સિંહશિલાલેખમાં નહપાન અથવા જૈનો સંબંધી કાંઇપણ ઉલ્લેખ નથી તે ચોક્કસ છે. આપે " એપીગ્રાફીઆ ઇન્ડીકા " માં પ્રૉ. થોમસે આપેલી શિલાલેખની આવૃત્તિ જોઇ હશે; આ આવૃત્તિ છેવટની છે, **આપનું કહેવું તદન ખરૂં છે.**

આપનો ઘણોજ વિશ્વાસુ,
એલ. ડી. બારનેટ.

(૫)

ડૉ. ઇ. જે. રેપ્સન.

8, Mortimer Road,
Cambridge.
11 Aug., 1937.

Dear Sir,

In reply to your letter of 15–7–37 I write to say that *you are correct in your observations* concerning the inscriptions of the Lion Capital from Mathurā. There is no mention of Nahapāna in these inscriptions. *Nahapāna lived more than a hundred years after the date of the Lion Capital.*

There is nothing in the inscriptions of the Lion Capital to connect this monument with the Jains...........

Believe me
yours sincerely,
E. J. RAPSON.

ડૉ. ઇ. જે. રૅપ્સન

૮, મોર્ટીમર રોડ,
કેમ્બ્રીજ,
૧૧ મી ઑગસ્ટ, ૧૯૩૭

વ્હાલા સાહેબ,

આપના તા. ૧૫-૭-૩૭ ના પત્રના જવાબમાં હું જણાવવાની રજા લઉં છું કે મથુરાના સિંહશિલાલેખ સંબંધી આપનો મત ખરો છે. આ શિલાલેખમાં નહપાન સંબંધી કાંઈ ઉલ્લેખ નથી. આ સિંહધ્વજ સ્થાપન કરવામાં આવ્યો ત્યાર પછી એકસો કરતાં પણ વધારે વર્ષો પછી નહપાન થયો હતો.

આ શિલાલેખને જૈનો સાથે કાંઇ સંબંધ હોય એવું બતાવવાને તેમાં કાંઈપણ નથી.

આપનો પરમમિત્ર,
ઈ. જે. રેપ્સન.

(૬)

ડૉ. હીરાનંદ શાસ્ત્રી.

હેડ આર્ચ્યોલોજીકલ ડીપાર્ટમેન્ટ વડોદરા.

Baroda, 3-9-37.

Revd. Muni Maharaja,

I am sorry I have not been able to reply to your letter. But I had been looking up. The trouble is that the books required for references are not at hand. My own books are in Lahore. As far as I remember, the name of Nahapāna does not figure in the inscription of the Lion Capital from Mathura, and the inscription is not Jain. But I shall study it again when I get a copy of it anywhere and then let you know. My idea is that the 'author' whom you have in view does not care much for accuracy and we should not attach much importance to what he opines.

It is no troubling me at all. I have to look to such matters. In case you have got with you any edition of that inscription you may kindly send it to me for a while and I shall return it with my reply.

yours sincerely,
HIRANAND.

ડૉ. હીરાનંદ શાસ્ત્રી.

હેડ, આર્ચ્યોલોજીકલ ડીપાર્ટમેન્ટ, વડોદરા.
વડોદરા તા. ૩–૮–૩૭.

પૂજ્ય મુનિ મહારાજ,

આપના પત્રનો હું પ્રત્યુત્તર આપી ન શક્યો માટે દિલગીર છું, પણ હું કેટલાક પુસ્તકો જોવામાં રોકાયેલો હતો. વાત એમ છે કે નિર્દેશન માટે જે પુસ્તકોની જરૂર છે તે મ્હારી પાસે હાલ નથી. મ્હારાં પોતાનાં પુસ્તકો લાહોર છે. તેથી મને યાદ છે ત્યાં-સુધી હું જણાવું છું કે મથુરાના સિંહશિલાલેખમાં નહપાનનું નામ આવતું નથી, તેમજ તે શિલાલેખ જૈનોનો નથી. પણ મને તે પુસ્તક મળશે ત્યારે હું ફરીવાર તે શિલાલેખનો અભ્યાસ કરીશ અને પછી આપને જણાવીશ. મને એવો ખ્યાલ છે કે આપની નજરમાં જે લેખક છે તેને ચોકસાઈ માટે ઝાઝી દરકાર નથી તેથી તેના મતને આપણે બહુ અગત્યતા આપવી જોઇએ નહિ.

મને કાંઇ મહેનત પડવાનીજ નથી. મ્હારે તો આવી બાબતો જોવીજ પડે છે. તે શિલાલેખની આવૃત્તિ આપની પાસે હોય તો મને તે મોકલશો; હું મ્હારા જવાબ સાથે આપને પાછી મોકલીશ.

આપનો પરમમિત્ર,
હીરાનંદ.

(૭)

ડૉ. ડી. આર. ભંડારકર.

4.-A, Old Ballygunj Road,
Calcutta,
The 21st. July, 1937.

Dear Suriji,

Yours of 15th. instant to hand here yesterday.

The inscriptions on the Lion Pillar Capital of Mathura obviously belong to Buddhism. They are in no way connected with Jainism. The name of Nahapāna is not engraved in <u>any</u> one of them.

yours sincerely,
D. R. BHANDARKAR.

ડૉ. ડી. આર. ભાંડારકર.

જુનો લાલીગંજ રોડ;
કલકત્તા,
૨૧ મી જુલાઇ ૧૯૩૭.

વ્હાલા સૂરિજી,

આપનો તા. ૧૫ મીનો પત્ર ગઇ કાલે મળ્યો, મથુરાના સિંહસ્તંભના શિલાલેખો સ્પષ્ટરીતે બૌદ્ધધર્મ સંબંધી છે. તેઓને કોઇરીતે જૈનધર્મ સાથે સંબંધ નથી. તેમાંના એક પણ લેખમાં નહપાનનાં નામનો ઉલ્લેખ નથી.

આપનો પરમમિત્ર,
ડી. આર. ભાંડારકર.

(૮)

ડૉ. વિમલચરણ લૉ.

43, Kailas Bose St.,
Calcutta,
The 30th July, 1937.

My dear Vijaya Indra Suriji,

I have duly received your letter of the 15th instant.

I quite agree with you that the name of Nahapana does not occur in the inscription of the Lion Capital of Mathura, and there is no reference to the Jainas in it.

yours sinecrely,
B. C. LAW.
(Dr. Bimalcharan Law,
M. A. B. L. Ph. D.)

ડૉ. વિમલ ચરણ લૉ.

૪૩, કૈલાસ બોઝ સ્ટ્રીટ;
કલકત્તા,
તા. ૩૦ મી જુલાઇ, ૧૯૩૭

મ્હારા વ્હાલા વિજયેન્દ્રસૂરિજી,

આપનો તા. ૧૫ મીનો પત્ર મને પહોંચ્યો છે. મથુરાના સિંહધ્વજના શિલાલેખમાં નહપાનનું નામ નથી એવા આપના મતને હું મળતો આવું છું, અને તે શિલાલેખમાં જૈનો સંબંધી કાંઇ ઉલ્લેખ નથી.

આપનો પરમમિત્ર,
વી. સી. લૉ.

(૯)

પ્રો. રામચંદ્રમ્.

Indian Museum,
Calcutta,
24th July, 1937.

Dear Sir,

With reference to your letter of the 15th instant inquiring if the Mathura Lion Capital inscription contains any reference to Jaina affairs or names of Nahapana, Bhumaka or Nanaka, I have to give you a reply in the negative.

yours sincerely,
RAMCHANDRAM.

પ્રો. રામચંદ્રમ્.

ઈન્ડીયન મ્યુઝીયમ,
કલકત્તા,
૨૪ મી જુલાઈ, ૧૯૩૭.

વ્હાલા સાહેબ,

આપનો તા. ૧૫ મીનો પત્ર જેમાં આપે પ્રશ્ન કર્યો છે કે મથુરાના સિંહશિલાલેખમાં જૈન બાબતોનો કે નહપાનનાં નામનો ઉલ્લેખ છે? તેના જવાબમાં હું જણાવવાની રજા લઉં છું કે તે પ્રમાણે નથી.

આપનો પરમમિત્ર,
રામચંદ્રમ્.

(૧૦)

નલિનીકાંત ભટ્ટશાલી.

Dacca Museum,
Dacca,
26-7-1937.

Reverend Sir,

your letter of the 15th July '37......It (Lion Capital Inscription of Mathura) is a purely Buddhist inscription and there is no mention of Nahapana or Bhumaka in it.

yours faithfully,
N. K. BHATTASALI.
(*Nalini Kant Bhattasali M. A.; Ph. D.*)
curator
Dacca Museum.

નલિનીકાન્ત ભટ્ટશાળી.

ઢાકા મ્યુઝીયમ,
૨૬–૭–૧૯૩૭.

પૂજ્ય શ્રી,

આપનો તા. ૧૫ મી જુલાઇ ૧૯૩૭ નો પત્ર મળ્યો. તે (મથુરાનો સિંહધ્વજનો શિલાલેખ) તદન બૌદ્ધિક શિલાલેખ છે અને તેમાં નહપાન અથવા ભૂમકનો તેમાં કશો ઉલ્લેખ નથી.

આપનો વિશ્વાસુ,
એન. કે. ભટ્ટશાળી.
ક્યુરેટર, ઢાકામ્યુઝીયમ,

(૧૧)

જી. વી. આચાર્ય.

Prince of Wales Museum,
Bombay,
23rd July 1937.

Dear Sir,

Please refer to your letter dated 15th July 1937.

Neither Nahapana nor Bhumaka are mentioned in the inscription on Mathura Lion Pillar Capital published in Epigraphia Indica Vol. IX, P. 135.

It is positively Buddhistic as the proper names have Buddha prefixed to them and they are discribed as Sarvāstivādin. Nahapan did succeed Bhumaka but their relationship is not yet found. They are not son and father.

yours sincerely,
G. V. ACHARYA.
curator.

જી. વી. આચાર્ય.

પ્રીન્સ ઑફ વેલ્સ મ્યુઝીયમ
મુંબાઇ,
૨૩ મી જુલાઈ, ૧૯૩૭.

મહેરબાન સાહેબ,

આપના તા. ૧૫ મી જુલાઇ ૧૯૩૭ ના પત્રના અનુસંધાનમાં લખવાનું કે એપીગ્રાફીઆ ઇન્ડીકા વૉ. ૯ માં ૧૩૫ મે પાને છાપેલ મથુરાના સિંહસ્તંભના મથાળેના શિલાલેખમાં નથી **नहपाण** નું નામ યા તો **भूमक** નું એ શિલાલેખ તો ચોખ્ખો બૌદ્ધ વ્યક્તિઓનો ઉલ્લેખ કરે છે; તેમાંના નામોનો **बुद्ध** વિશેષણ લગાડ્યું છે ને તે વ્યક્તિઓને " **सर्वास्तिवादिन्** " તરીકે વર્ણવેલ છે; બીજું **नहपाण** એ **भूमक** નો અનુગામી એ વાત ચોક્કસ; પરંતુ તે બન્ને વચ્ચે શો સંબંધ હતો તે હજુ જણાયું નથી; તેઓ પિતાપુત્ર નથીજ એમ મારૂં માનવું છે.

લિ. આપનો શુભેચ્છક
જી. વી. આચાર્ય.

(૧૨)

વી. એસ. અગ્રવાલ.

Cusrzon Museum,
Muttra.
Dated July 24, 1937.

Dear Sir,

In reply to your letter, I have to say that the Kharoshthi Lion Capital Inscription has been thoroughly discussed and explained by Sten Konow in his Corpus Vol. II, pp. 30–49.

The text has been edited by several scholars viz. Bhagwanlal Indraji, Bühler, F. W. Thomas, and Sten Konow.

None of these scholars has ever suspected the name of Nahapana or Bhumaka in the text. Unless the correspondent suggests the actual reading containing the word Nahapana in the inscription, the reading cannot be verified, since the available readings leave no room for doubt.

Secondly the record has no connection with Jainism.

It is the record of an endowment to the Sarvastiwadin order of Buddhist monks by the *Chief Queen of Rājula*, together with Maha Kshatrapa Śodāsa and others.

yours sincerely,
V. S. AGRAWALA,
curator.

વી. એસ. અગ્રવાલ.

કરઝન મ્યુઝીયમ
મથુરા,
૨૪ મી જુલાઈ, ૧૯૩૭.

મહેરબાન સાહેબ,

આપના પત્રના જવાબમાં જણાવવાનું કે **સ્ટીન કોનો** એ પોતાના શિલાલેખ–સંગ્રહ સંબંધી પુસ્તક કોર્પસના બીજા વોલ્યુમ પાનાં ૩૦–૩૯ માં ખરોષ્ઠી લિપિના આપે જણાવેલ સિંહસ્તંભના મથાળાના શિલાલેખની સર્વાંગ સંપૂર્ણ પરીક્ષા કરેલી છે.

એ લેખનું મૂળ પુરાતત્ત્વવિદ્વોમાંના કેટલાકોએ સંપાદન કરી, છપાવી પણ છે; તેઓના નામ શ્રી ભગવાનલાલ ઇન્દ્રજી, ડૉ. બ્યૂલર, ડૉ. એફ. ડબલ્યુ. થોમસ, સ્ટીન કોનો વિ૦

આમાંના કોઇ વિદ્વાને એ લેખમાં **नहपाण** અથવા **भूमक**નાં નામ હોવાની શંકા પણ દર્શાવી નથી; જો ચર્ચાપત્રના લેખક '**नहपाण**'નામ જેમાં આવે એવું કોઇ પાઠાન્તર આ લેખમાં સૂચવતા હોય તો જુદી વાત! બાકી એવા કોઈ પાઠાન્તરને અહિં અવકાશ છેજ નહિં; પ્રાપ્ત સઘળાં પાઠાન્તરો પરથી મૂળ લખાણ વિષે સંદેહ રહેતો નથી.

વિશેષમાં, આ શિલાલેખને જૈન મત યા ધર્મ સાથે કશો સંબંધ નથી; એમાં તો રજુલની પટ્ટરાણી તથા મહાક્ષત્રપ શોડસ અને બીજાઓએ '**सर्वास्तिवादिन्**' મતના બૌદ્ધ સાધુઓને આપેલ દાનનો ઉલ્લેખ છે. એજ.

લી. આપનો શુભેચ્છક
વી. એસ. અગ્રવાલ
ક્યૂરેટર.

(૧૩)

ડૉ. રાધાકુમુદ મૂકરજી.

Dear Mr. Suriji,

The above is a reply to your query. It is given by a *pupil of mine* who is the best authority on the subject of your reference.

yours sincerely,
RADHA KUMUD MOOKERJI.
Lucknow University,
27-7-37.

ડૉ. રાધાકુમુદ મૂકરજી.

પ્રિય સૂરિજી,

આપના પ્રશ્નનો ઉત્તર ઉપર મૂજબ છે; આપે પૂછાવેલ બાબતમાં, તે શાસ્ત્રના સૌથી વધુ નિષ્ણાત ને અભ્યાસી એવા મારા એક શિષ્ય આ જવાબ આપે છે.

લિ. શુભેચ્છક,
રાધાકુમુદ મૂકરજી.
લખનૌ યુનિવર્સિટી
૨૭-૭-૩૭.

(૧૪)

વી. આર. આર. દીક્ષિતાર.

Chepauk, Triplicane,
Madras, 6th Aug., 1937.

Dear Sir,

Please accept my hearty thanks for your letter of the 15th July. In the light of your letter I have reexamined the Mathura Inscriptions, and *I quite agree with you* that there is nothing therein to read the name Nahapana.

yours very sincerely,
V. R. R. DIKSHITAR.

વી. આર. દીક્ષિતાર.

ટ્રીપ્લીકેન
મદ્રાસ. ૬–૮–૩૭.

મહેરબાન સાહેબ,

આપના તા. ૧૫ મી જૂલાઈના પત્ર માટે ખૂબજ આભાર. આપના લખાણુની દૃષ્ટિએ, મ્હેં ફરીથી મથુરાના સર્વ શિલાલેખ-સંગ્રહોનું પરીક્ષણ કર્યું; અને હું આપની સાથે સહમત થાઉં છું કે તે લેખોમાં 'नहपाण' નામના અસ્તિત્વને કશી પુષ્ટિ મળતી નથી. એજ

લી. શુભેચ્છક
વી. આર. આર. દીક્ષિતાર.

(૧૫)

ડૉ. બી. એ. સાલેતુર.

Sir Parashurambhay College,
Poona, 2
21–7–37.

Dear Jainācharya Sūrīji,

Your kind letter of the 15th inst. redirected from Bombay reached me the day before yesterday. I am enclosing here with answers to the points raised by you in your letter. I trust these will be to your satisfaction. If there should be any detail that still requires elucidation, I should be glad to clarify it.

With kind regards, and assuring you always of what little aid I can give you in Historical studies.

I remain,
Dear Jáinàchārya Sūrīji
yours faithfully,
B. A. SALETORE

(1) (a) This famous inscription............was bequeathed,............to the British Museum, London, where I have seen it in the Room of Buddhist Antiquities.

(b) The scholar who is mentioned in your letter may have mistaken the Lion-Capital type of *coins* of Nahapāna for the Lion Capital-Inscription of Mathurā.

(2) The name of Nahapāna is definitely not inscribed on the Lion Capital Inscription of Mathurā.

(3) There is nothing whatsoever belonging to the Jains of that it is connected with Jains. This Inscription refers to the Holy Sākya Buddha, the stūpas, the universal Sañgha of the Sarvāstivādins, and the Mahāsanghikas, which names have nothing to do with Jainism.

(4) Relationship between Bhūmaka and Nahapāna: We simply know from their coins that Bhūmaka preceded Nahapāna; but there is nothing to show that Bhūmaka was the father of Nahapāna.

B. A. SALETORE.

ડૉ. બી. એ. સાલેતુર.

સર પરશુરામ ભાઉ કોલેજ.
પૂના ૨.
૨૧-૭-૩૭.

પ્રિય જૈનાચાર્ય સૂરિજી,

આપનું કૃપાપત્ર તા. ૧૫મીનું મુંબાઇ થઇને મળ્યું. આપે આપના પત્રમાં ધરેલ પ્રશ્નોના યથાશક્તિ ઉત્તરો હું આ સાથે બીડું છું; આશા છે કે એ આપને સંતોષજનક નિવડશે. આમાં જો કોઇ મુદ્દાપર વધુ ઉહાપોહ વા આલોચનની અપેક્ષા જણાય તો તેમ કરતાં મને ઘણો આનંદ થશે.

આપના ઈતિહાસના પરિશીલનમાં મારાથી યત્કિંચિત્ મદદ થઈ શકે તે જરૂર કરીશ.

લી. આપના આજ્ઞાંકિત
બી. એ. સાલેતુર
ની શુભેચ્છાઓ સ્વીકારશો.

(૧) (अ) આપે જણાવેલ વિખ્યાત શિલાલેખ હાલ લંડનના બ્રીટીશ મ્યુઝીઅમની માલિકીમાં છે; ત્યાંના પ્રાચીન બૌદ્ધ અવશેષોના વિભાગમાં મ્હેં એ જોયો છે.

(ब) આપે જણાવેલ વિદ્વાને મથુરાના સિંહધ્વજના શિલાલેખને બદલે '**नहपाण**' ના સિંહધ્વજ–અંકિત સિક્કાઓ જોઇ કંઈ ભૂલ ખાધી લાગે છે.

(૨) મથુરાના સિંહસ્તંભના મથાળાના શિલાલેખમાં **नहपाण** નું નામ નથી એ હું ચોક્કસ કહી શકું છું.

(૩) એમાં જૈનો અથવા જૈન–મત સાથે સંબંધ ધરાવતી કશી બાબતનો ઉલ્લેખ નથી; આ શિલાલેખમાં, ધર્મિષ્ટ શાકય, સ્તૂપ, **सर्वास्तिवादिन्** નો સંઘ, તથા મહા-સાંઘિકના ઉલ્લેખો છે ને આ નામોને જૈન-મત સાથે કશો સંબંધ નથી. એ તો ચોક્ખું છે.

(૪) **नहपाण** તથા **भूमक** નો સંબંધઃ–તેઓના સિક્કાઓ પરથી આપણે માત્ર એટલું જ જાણીએ છીએ કે **भूमक, नहपाण** નો પુરોગામી હતો; પણ તે **नहपाण** નો પિતા થાય એમ દર્શાવતી કોઈ વિગત હજુ હાથ લાગી નથી. લી.

બી. એ. સાલેતુર.

(૧૬૮)

ડૉ. એ. એસ. અલતેકર.

P. O. Benares Hindu University,
(India).
30–7–1937.

Revered Swamiji,

I am unable to agree with most of the theories of Dr. Shah mentioned in your letter.

Yours sincerely,
A. S. Altekar.

ડૉ. એ. એસ. અલતેકર.

બનારસ યુનીવર્સીટી
બનારસ
૩૦–૭–૩૭.

પૂજ્ય સ્વામીજી,

આપના પત્રમાં આપે જણાવેલી ડૉ. શાહની ઘણીખરી કલ્પનાઓ સાથે હું મળતો થઇ શકતો નથી. લી. આપનો વિશ્વાસુ

એ. એસ. અલતેકર.

(૧૭)

પ્રો. રામેશ્વર ગૌરીશંકર ઓઝા

Dhadha's Haveli,
Ajmer,
July 25, 1937.

Respected Swamiji,

Pranāmas. I owe you an apology for not being able to acknowledge earlier your kind letter dated 15th July 1937.

I have had an occasion to study carefully the inscriptions on the Mathura Lion capital. In the Indore Archaeological museum, where I worked as the curator for three years, an excellent plaster-of-paris cast of the original capital in the British museum is exhibited. Besides studying the inscriptions from the cast I have also consulted the excellent readings of the inscriptions edited by Dr. Sten konow.........

I would like to assure your goodself that in the inscriptions engraved on the capital there is no mention whatever of Nahāpana, and that the records have no connection with the Jains. So far as the relationship between Bhūmaka and Nahapana is concerned, I feel that nothing can be pointed out definitely at this stage...........

I shall always feel it a pleasure if I am of any service to you.

My father has desired me to convey his respects to your honour.

With deep regards,
Yours obediently,
RAMESWAR G. OJHA.

પ્રૉ. રામેશ્વર જી. ઓઝા.

અજમેર.
૨૫ મી જુલાઇ ૧૯૩૭.

પૂજ્ય સ્વામીજી,

પ્રણામ સ્વીકારશોજી. આપના તા. ૧૫ મી જુલાઈના કૃપાપત્રનો હું સવેળા પ્રત્યુત્તર આપી ન શકયો એ માટે મારે આપની માફી માગવી રહે છે.

ઇન્દોરના આર્કીઓલોજીકલ મ્યૂઝીઅમમાં જ્યારે હું ત્રણ વર્ષસુધી ક્યૂરેટર તરીકે કામ કરતો હતો તે સમયમાં, મથુરાના સિંહસ્તંભના મથાળાના શિલાલેખની પ્લાસ્ટર ઑફ પારીસથી પાડેલ આબેહૂબ પ્રતિકૃતિ મેં સંભાળપૂર્વક વાંચી હતી; તે મૂળ શિલાલેખ તો હાલ બ્રીટીશ મ્યૂઝીઅમમાં છે; આ પ્રતિકૃતિ-શિલાલેખ ઉપરાંત ડૉ. સ્ટીન કેનોએ સંપાદન કરેલ એ શિલાલેખ તથા તેનાં પાઠાન્તરોનો પણ અભ્યાસ કરેલો.

મને આપશ્રીને જણાવતાં હર્ષ થાય છે કે આ મથાળાના શિલાલેખમાં **नहपाण** નું નામ સરખુંય નથી તથા આ શિલાલેખને જૈન-મત સાથે કશીય લેવાદેવા છે નહિ.

भूमक તથા **नहपाण** ના સંબંધ વિષે હાલને તબક્કે એટલુંજ કહી શકાય કે એ બેનો સંબંધ નિશ્ચયપૂર્વક કહી શકાય એમ નથી.

આપશ્રીની કાંઇ પણ સેવા બજાવતાં મ્હને ઘણો આનંદ થશે; મારા પિતાજી આપને શુભેચ્છાઓ પાઠવે છે. એજ.

લી. આપશ્રીનો આજ્ઞાંકિત
રામેશ્વર જી. ઓઝા.

(૧૮)

Kenilworth, Simla,
20th August, 1937.

Dear Sir,

......................As regards the Lion Capital at Muttra, which is now preserved in the British Museum the inscription is published in Sten Konow's Corpus Inscriptionum Indicarum Vol. II (Kharoshthi Inscriptions). It has nothing to do with Bhumaka and Nahapâna or the Jains.

Yours sincerely,
K. N. DIKSHIT,
Director General of Archeology in India.

કેનેલવર્થ, સીમલા, ૨૦ ઑગસ્ટ, ૧૯૩૭.

વ્હાલા સાહેબ,

મથુરાના સિંહધ્વજના વિષયમાં, કે જે હાલમાં લંડનના બ્રીટીશ મ્યૂઝીયમમાં રાખવામાં આવેલ છે. અને તે માટે ડૉ. સ્ટીનકોનોએ પોતાના કોર્પશ્ ઇન્સ્ક્રીપ્શન ઇન્ડીકેરમ વૉ. ૨ ખરોષ્ઠી ઇન્સ્ક્રીપ્શન્સમાં તે શિલાલેખને પ્રકાશિત કર્યો છે. જેની સાથે ભૂમક, નહપાન તથા જૈનોનો કંઇપણ સંબંધ નથી.

આપનો વિશ્વાસ પાત્ર—
કે. એન. દીક્ષિત,
ડાયરેક્ટર જનરલ ઑફ આર્ચેર્યોલૉજી ઇન ઇન્ડિઆ.

તૈયાર છે

લેખકના પુસ્તકો

મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા.

જેમાં ગિરનારના પ્રાચીન સુદર્શન તળાવના ઉદ્ધારકનો અને તેના શિલાલેખનો ઇતિહાસ.

—જૈનો અને ક્ષત્રપ રાજાઓનો સંબંધ.

—શકોના નેતા જૈનાચાર્ય કાળકસૂરિનું અજબ વ્યક્તિત્વ.

—શક જાતિનો ઇતિહાસ, તેનું ભારતમાં આગમન.

—સુદર્શન તળાવનો મૂળ શિલાલેખ, તેનો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અનુવાદ.

—તેના ઇતિહાસ વિષે અસદ્‌મંતવ્યોની સમીક્ષા વિગેરે વિગેરે.

'પ્રાચીન ભારતવર્ષ'નું સિંહાવલોકન.

—ચક્રવર્તી મહારાજા ખારવેલનો ધર્મ.

—પાણિનિ, કાત્યાયન, શાકટાયનની હકીકતો.

—ચંપા જૂની અને નવી, અંગદેશ કયાં?

—ભગવાન્ મહાવીરના ચોમાસા.

—પાવાપુરી, સાચોર, સાંચી કયાં આવ્યાં?

—ભ૦ મહાવીર અને બુદ્ધની લગ્નવય.

—ચોરવાડ એજ શૌરિપુર કે?

—અયોધ્યા ને યૌધેયનો ભેદ.

—મહાવીર ભગવાનનું નિર્વાણસ્થાન.

—પ્રસેનજીત્ ને પ્રદેશી રાજા વિષે મંતવ્ય.

—વજ્રભૂમિનું સ્થાન.

—વત્સપતિ ઉદયન, મગધપતિ ઉદાયી રાજા.

—બોધિસત્વ પાર્શ્વ અને તક્ષશિલા.

વિગેરે અનેક વિષયો ઉપર વિદ્વત્તાભર્યું અન્વેષણ અને સચોટ હકીકતો રજુ કરતું, લગભગ પોણાબસો પુસ્તકોનાં તો જેમાં અવતરણો પ્રમાણરૂપે છે એવું ઇતિહાસનું અદ્‌ભુત પુસ્તક આજેજ મંગાવો.

મેનેજર

યશોવિજય જૈન ગ્રંથમાળા

હેરિસ રોડ, ભાવનગર.

આજેજ ગ્રાહક થાઓ.

જૈન સાધુઓને વ્યાખ્યાનમાં અતિ ઉપયોગી

કુબેર પુરાણ-નળાયનમ્

નળ ચરિત્ર.

મૂલગ્રંથ સંસ્કૃત પદ્યબદ્ધ છે. પાંચસે વર્ષ પહેલાંની હસ્તલિખિત પ્રતિઓ ઉપરથી સંશોધન કરી સારા ઉંચા કાગળોમાં અને સુંદર ટાઈપમાં મહોદય પ્રીન્ટીંગ પ્રેસમાં છપાઇ બહાર પડેલ છે.

કિં. રૂપીઆ નવ રૂા. ૯). પોસ્ટ ખર્ચ અલગ.

લેખકના પ્રકાશિત થયેલાં પુસ્તકો.

૧ વીરવિહારમીમાંસા.

૨ અશોકના શિલાલેખો પર દૃષ્ટિપાત.

૩ જગત્ અને જૈનદર્શન.

પ્રકાશિત થનારા.

૧ વીરવિહારમીમાંસા (બીજી આવૃત્તિ.)

૨ મહારાજા ખારવેલ જૈન ચક્રવર્તી.

૩ ભ૦ મહાવીરનો કૌટુંબિક પરિવાર ઐતિહાસિક દૃષ્ટિએ.

મેનેજર

યશોવિજય જૈન ગ્રંથમાળા.

હેરિસ રોડ

ભાવનગર-(કાઠીયાવાડ).